*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૧

णमो लोए



सव्व साहूणं

મુનિદશા અંગીકાર કરવાના અદ્‌ભુત ભાવભીના પ્રસંગનું વર્ણન આપ આ અંકમાં વાંચશો. પૂ. કાનજીસ્વામી એ પ્રવચનમાં કહે છે કે અહા, મુનિદશાના મહિમાની શી વાત! મુનિનાં દર્શન પણ મહાભાગ્યે જ મળે છે. મુનિદશા એ તો પરમેષ્ઠી પદ! ઇન્દ્રો અને ચક્રવર્તીઓ પણ ભક્તિથી જેનો આદર કરે છે ને કેવળજ્ઞાન લેવાની જેની તૈયારી છે, એવા મુનિરાજ પરમ વંદનીય છે.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૫, ભાદરવો ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ ૨૬ : અંક **૧૧**
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## સમ્પાદકીય

# જિનાગમની પ્રતિષ્ઠા

એકત્વવિભક્ત શુદ્ધાત્માની અનુભૂતિ કરવી–તે જિનશાસનનો સાર છે; એવી અનુભૂતિ કરનારે આત્મમંદિરમાં ભાવશ્રુતની પ્રતિષ્ઠા કરી....અને એવી અનુભૂતિના નિમિત્તરૂપ સમયસારાદિ જિનાગમની પ્રતિષ્ઠા પણ પૂ. કાનજીસ્વામીના પ્રતાપે આજે ભારતમાં ઠેર ઠેર થઈ રહી છે. આ ભાદરવા સુદ બીજે સોનગઢમાં પણ એક ભવ્ય વિશાળ જિનાગમ મંદિરની સ્થાપના માટેનું શિલાન્યાસ અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે થયું. તે પ્રસંગના પ્રવચનમાં પરમાગમોનો અને તેના રચનારા વીતરાગી સંતોનો પરમ મહિમા કરીને કહ્યું કે પરમાગમનું હાર્દ શુદ્ધાત્માનો અનુભવ છે. આવા અનુભવ વડે આ સંસારના ઉકળતા દાવાનળથી છૂટીને જ્યારે જ્ઞાનચેતનારૂપ થઈએ ને શાંતરસના વેદનમાં આત્માને તરબોળ કરીએ, ત્યારે પરમાગમના સમ્યક્ અભ્યાસનું ફળ પામીએ......અને ત્યારે જ ભાવશ્રુત તથા દ્રવ્યશ્રુતની અપૂર્વ સંધિપૂર્વક આત્મામાંથી ભક્તિના રણકાર ગૂંજી ઊઠે કે–

**ધન્ય દિવ્યવાણી ૐકારને રે, જેણે પ્રગટ કર્યો આત્મદેવ...**
**જિનવાણી જયવંત ત્રણ લોકમાં રે...**

શ્રુતપ્રતિષ્ઠાના આ મંગલ અવસરે યાદ આવે છે–

* વિપુલગિરિ પર દિવ્યધ્વનિ વર્ષાવતા એ વીરનાથ તીર્થંકર....
* યાદ આવે છે–વિદેહક્ષેત્રે જઈને સાક્ષાત્ તીર્થંકરદેવના દર્શન કરનારા એ સંત.....
* યાદ આવે છે '**वंदित्तु सव्वसिद्धे**' પૂર્વક સયમસારાદિ જિનાગમ રચનારા એ સંત....
* યાદ આવે છે–દિવ્યધ્વનિના પ્રવાહને અચ્છિન્ન રાખનારા એ ગીરનારી સંતો.....
* યાદ આવે છે–ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરનારા એ રત્નત્રયધારી સંતો....
* યાદ આવે છે–જેમના શ્રીમુખથી પરમાગમરૂપ અમૃત ઝરે છે એવા મુનિરાજ....
* યાદ આવે છે–પાવન સંસ્મરણવડે ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિને તાજી કરનારા આ સંત....
* અને યાદ આવે છે–જેનો અચિંત્ય મહિમા જિનવાણીના શબ્દે શબ્દમાં ભરેલો છે એવો શુદ્ધ આત્મવૈભવ.

બ્ર. હ. જૈન

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૫ ભાદરવો

વર્ષ ૨૬ : અંક ૧૧

# જ્ઞાનચેતના તે જિનાગમનો સાર છે.

**( સોનગઢ : ભાદરવા સુદ બીજ : જિનાગમ-મંદિરના શિલાન્યાસ પ્રસંગે પ્રવચન )**

## અહો ! પરમાગમમાં વીતરાગી-અમૃતરસ ભર્યા છે.

ભગવાન આત્મા વિજ્ઞાનનો ઘન આનન્દસ્વરૂપ છે; અને રાગાદિ વિકારભાવો તે આસ્રવો છે. તેમાં જ્ઞાનઘન આત્માને અને રાગાદિ આસ્રવોને ખરેખર કર્તા–કર્મપણાનો સંબંધ નથી, બંનેને ભિન્નપણું છે. આવા ભિન્નપણાનું ભાન થયું તે ધર્મી જીવ જ્ઞાનભાવમાં તન્મય પરિણમતો થકો, રાગાદિભાવોને જરાપણ આત્માપણે કરતો નથી પણ આત્માથી ભિન્નપણે જ તેને જાણે છે એટલે તે રાગાદિને હેય જાણે છે. આવી જે રાગથી ભિન્ન જ્ઞાનચેતના પ્રગટી તે જિનાગમનો સાર છે.

શુદ્ધનય અનુસાર અનુભૂતિ કરીને જેણે એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માને જાણ્યો તેણે સમસ્ત જિનશાસનને જાણ્યું. સર્વજ્ઞ ભગવાને કહેલો જે સર્વ ઉપદેશ, તેનો સાર શુદ્ધાત્માનો અનુભવ છે. આવા અનુભવ વગરના શુભ–અશુભ ભાવો તો જીવો અનાદિથી કરી જ રહ્યા છે; નિગોદમાં અનંતકાળથી અનંતજીવો છે તેમને પણ અશુભ ને શુભ બંને પરિણામ થયા કરે છે; શુભ પરિણામ થાય એ કાંઈ નવું નથી. એ તો કર્મધારા છે; જ્ઞાનધારા તેનાથી જુદી છે. એવી જ્ઞાનધારામાં વર્તતા જ્ઞાની શુભાશુભ કર્મધારાને કરતા નથી, તે તો જ્ઞાનધારારૂપ જ્ઞાનચેતનાને જ કરે છે. આવી જ્ઞાનચેતના પ્રગટ કરવી તે પરમ આગમની સાચી પ્રતિષ્ઠા છે. તેના નિમિત્ત તરીકે આપણે અહીં પરમ આગમની પ્રતિષ્ઠા થવાની છે.

સર્વજ્ઞદેવના શ્રીમુખથી સંતોએ ઝીલેલી ને શાસ્ત્રમાં ગૂંથેલી મૂળ વાણી અહીં પરમાગમ મંદિરમાં કોતરાશે. કુંદકુદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યના મૂળ શબ્દો અહીં કોતરાશે. અહો! એ સમયસારાદિ પરમાગમોમાં તો વીતરાગી અમૃત ભર્યાં છે. અહો, જે પ્રાકૃત ભાષામાં મૂળ શાસ્ત્રો આચાર્ય ભગવાને રચ્યાં તે મૂળ ભાષામાં કોતરાશે ને હજારો વર્ષ સુધી રહેશે. તે શબ્દોના વાચ્યભૂત શુદ્ધ આત્મા અંતરમાં કોતરવાનો છે, તે કોતરવા માટે વીતરાગી વાણી નિમિત્ત છે.

**વચનામૃત વીતરાગનાં પરમશાંતરસમૂળ;**
**ઔષધ એ ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.**

અહો, આ વીતરાગી વાણી ચૈતન્યના પરમ શાંતરસને દેખાડનારી છે. એ વાણીને કોતરવાનું આજે મૂરત છે.

બાપુ! આ સંસારના ઊકળતા દાવાનળમાંથી નીકળીને પરમ શાંતરસના સમુદ્રમાં આવવા માટે જિનાગમ નિમિત્ત છે. એકવાર એક કંદોઈની દુકાને ઊકળતા તેલના તાવડામાં ઉપરથી મોટો સર્પ પડયો, અડધો અંદર ને અડધો બહાર, –તેમાં દાઝીને એકદમ ઊછળ્યો, ને સળગતા ચૂલામાં જઈને પડયો! બિચારાને કેટલું દુઃખ થયું હશે!! ભાઈ, અજ્ઞાન અને મિથ્યાત્વભાવથી જીવ અનંતકાળથી આવા દુઃખો ભોગવી જ રહ્યો છે, તેનાથી છૂટવાનો ઉપાય આ વીતરાગી પરમાગમો બતાવે છે, તેનો સાર અંતરમાં કોતરવા માટેની આ વાત છે. આ ઊકળતા તેલ જેવા રાગાદિ પરભાવો, તેનાથી ભિન્ન જ્ઞાનાનંદનો સમુદ્ર, સુખનો સાગર, સુખનો ઢગલો એવો પોતાનો આત્મા છે, તે આત્માના અનુભવમાં પ્રવેશ કરતાં પરમ શાંતિ થાય છે. સંસારના દાવાનળથી તારે ઉગરવું હોય ને પરમ શાંતિનો અનુભવ કરવો હોય તો અંદર સુખ– રસથી ભરેલા આત્મામાં પ્રવેશ કર.

આવા આત્માનું જેણે ભાન કર્યું તેને જ્ઞાનચેતના પ્રગટી, અને આસ્રવો છૂટા પડી ગયા. જે અસ્થિરતાના આસ્રવો છે તેનું પણ કર્તૃત્વ જ્ઞાનચેતનામાં નથી, માટે જ્ઞાની ખરેખર નિરાસ્રવ જ છે. તે પોતાને આસ્રવોથી રહિત એકાકાર જ્ઞાનચેતનામય અનુભવે છે. આવો અનુભવ તે જિનાગમનો સાર છે. અનંતા જીવો આવો અનુભવ કરીને મોક્ષમાં પધાર્યા છે. આવો અનુભવ કરી શકાય છે. ભાઈ, રાગનો તો અનુભવ અનાદિકાળથી તું કરી જ રહ્યો છે, પણ રાગથી પાર ચૈતન્યના આનંદનો અનુભવ

તેં કદી નથી કર્યો; –એવો અનુભવ કરવાનો આ અવસર છે, ને એવો અનુભવ કરવાનો જ જિનાગમનો ઉપદેશ છે. આવો અનુભવ કરવો તે જ અપૂર્વ ચીજ છે.

ધર્મી જીવ જ્ઞાનચેતનારૂપ થઈને આનંદરૂપ કાર્યને તન્મયપણે કરે છે. અજ્ઞાનદશામાં રાગ સાથે તન્મયપણું માનતો, હવે ભેદજ્ઞાન થતાં રાગથી જુદો થયો ને આનંદ સાથે તન્મય થઈને પરિણમ્યો; એટલે રાગાદિ સાથે કર્તાકર્મપણાનો મિથ્યાભાવ છૂટયો, ને જ્ઞાનચેતનારૂપ સમ્યક્ભાવ પ્રગટયો. પોતાની ચૈતન્યશક્તિને વારંવાર સ્પર્શતો–અનુભવમાં લેતો ધર્મી જીવ આસ્રવોને જીતી લ્યે છે. –આ અપૂર્વ મંગળ છે. તેણે પરમાગમને પોતાના અંતરમાં કોતરી લીધા; ભાવશ્રુતજ્ઞાન તેના આત્મામાં કોતરાઈ ગયું; અંદરથી સહજ શાંતદશા પ્રગટી. રાગની મંદતારૂપ કૃત્રિમ શાંતિ તો અનંતવાર કરી, પણ રાગથી પાર સહજ ચિદાનંદ સ્વભાવના અનુભવરૂપ શાંતિ કદી પ્રગટ કરી ન હતી; કષાયની મંદતારૂપ શાંતિને ઘણા અજ્ઞાની જીવો આત્માનો અનુભવ માની લ્યે છે;– મંદકષાયના વેદનમાં એકાકાર થઈને, જાણે કે નિર્વિકલ્પ અનુભવમાં હોય એમ કલ્પના કરી લ્યે છે, તે તો ભ્રમણા છે. જ્ઞાની ધર્માત્મા ભેદજ્ઞાનના બળે સમસ્ત રાગભાવોથી પાર એવા પોતાના ચિદાનંદસ્વરૂપના અનુભવ વડે સહજ આત્મિક શાંતિનું વેદન કરે છે, આવા વેદનરૂપ ભાવશ્રુત તે પરમાગમની પ્રતિષ્ઠા છે; પરમાગમમાં એનો જ ઉપદેશ છે.


પરમાગમનું હાર્દ શુદ્ધ આત્માનો અનુભવ છે. ધર્મી જીવ એવા અનુભવ વડે આસ્રવને જીતીને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.

જિનાગમના ફળરૂપ પરમઆનંદમય કેવળજ્ઞાન જયવંત વર્તો.

**આ દિવસે બપોરના પ્રવચનમાં પણ ગુરુદેવ વારંવાર અતિશય પ્રમોદ વડે કેવળજ્ઞાનનો સાદ પાડતા હતા.....તેઓ કહેતા હતા કે અત્યંત નજીક કેવળજ્ઞાન છે તેને અમે મતિશ્રુતજ્ઞાનના બળે બોલાવીએ છીએ. અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે તે હવે પાછું ફરે નહીં. ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ આવ્યું છે. આમ ધર્મી જીવ સ્વસન્મુખ થઈને મતિશ્રુતજ્ઞાનના બળે કેવળજ્ઞાનને બોલાવે છે; હે કેવળજ્ઞાન ! તારી પ્રતીત કરી છે.....હવે તું શીઘ્ર આવ !**

## જ્ઞાનતત્ત્વનો નિર્ણય કરીને મોક્ષાર્થી જીવ મુનિ થાય છે.

**પ્રવચનસારનો ચારિત્રઅધિકાર એટલે મોક્ષમાર્ગી મુનિઓના પવિત્ર જીવનનું ઝરણું! અહા, જાણે મુનિવરોના સમૂહ વચ્ચે હોઈએ, અને કુંદકુંદાચાર્ય જેવા મુનિવરોને અનુસરતા હોઈએ, મુનિઓના સંઘ સાથે વીતરાગ મોક્ષમાર્ગને અભ્યાસતા હોઈએ, એવા ભાવો ચારિત્રઅધિકારમાં ઉલ્લસે છે.**



પ્રવચનસારમાં ૨૦૦ ગાથા દ્વારા જ્ઞાનતત્ત્વનું અને સ્વ–પર જ્ઞેયતત્ત્વોનું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ કહે છે કે અમારો આત્મા આ સંસારના દુઃખોથી મુક્ત થવાનો અભિલાષી હતો; તેથી અમે આવા જ્ઞાનતત્ત્વનો અને જ્ઞેયતત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યો છે, ઉપશમના લક્ષે અમે સાચો તત્ત્વનિર્ણય કર્યો છે, પંચપરમેષ્ઠી ભગવંતોને ભાવનમસ્કાર કરીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગ વડે વીતરાગી સામ્યભાવરૂપ મુનિદશા પ્રગટ કરી છે. અમે અમારા અનુભવથી કહીએ છીએ કે હે મુમુક્ષુ જીવો! હે મોક્ષના અર્થી જીવો! દુઃખથી છૂટવા માટે તમે પણ આ જ મુનિમાર્ગ અંગીકાર કરો. જેનો આત્મા દુઃખથી છૂટવા ચાહતો હોય તે અમારી જેમ સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્રદશાને અંગીકાર કરો. શુદ્ધોપયોગરૂપ ચારિત્રદશાને અંગીકાર કરવાનો જે યથાનુભૂતમાર્ગ તેના પ્રણેતા અમે આ રહ્યા; અમે જાતે અનુભવેલો ચારિત્રનો માર્ગ તમને બતાવીએ છીએ. તેને હે મોક્ષાર્થી જીવો! તમે અંગીકાર કરો.

અહા જુઓ, આ દુઃખથી છૂટવાનો માર્ગ! સાધુદશા શું ચીજ છે, તેની લોકોને ખબર નથી. સાધુ એ તો ચાલતા સિદ્ધ છે; મુનિ એટલે હાલતો–ચાલતો સાક્ષાત્ મોક્ષમાર્ગ! આચાર્યદેવ કહે છે કે અમે એવો મુનિમાર્ગ અનુભવ્યો છે. અંતરમાં જેણે જ્ઞાનતત્ત્વના ચૈતન્યનિધાન દેખ્યા હોય, જ્ઞાનજ્યોતિ જેને પ્રગટી હોય, ને ચૈતન્યના કેવળજ્ઞાનકપાટને ખોલવાના પ્રયત્નમાં જેઓ સતત ઉદ્યમી હોય, એવા જીવોને ચૈતન્યમાં લીનતાથી ચારિત્રદશા હોય છે; તેને સાધુદશા કહેવાય છે. સાધુ એટલે મોક્ષના સાધક. આચાર્યદેવ કહે છે કે આવી દશા અમને પ્રગટી છે, અમારા સ્વાનુભવથી અમે તે માર્ગ જાણ્યો છે; બીજા જે મુમુક્ષુઓ દુઃખથી છૂટવા માટે ચારિત્રદશા લેવા ચાહતા હોય તેમને ચારિત્રનો માર્ગ દેખાડનારા અમે આ રહ્યા. અહા, જાણે સામે જ અત્યારે સાક્ષાત્ ઊભા હોય, ને ચારિત્રદશા દેતા હોય! જેને સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાનજ્યોતિ ઝળકી છે અને હવે મુનિ થઈને ચૈતન્યના પૂર્ણાનંદને સાધવા માંગે છે, કષાયોના કલેશરૂપ દુઃખોથી અત્યંતપણે છૂટવા માંગે છે–તે મોક્ષાર્થી જીવ શું કરે છે? કે પહેલાં તો વૈરાગ્યપૂર્વક બંધુવર્ગની વિદાય લે છે. મારો ખરો બંધુવર્ગ તો જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણો છે–કે જે સદાય મારી સાથે જ છે. બહારના બંધુવર્ગ માતા–પિતા ભાઈ–બેન સગાંસંબંધી તે ખરેખર અમારાં નથી, એનાથી ભિન્ન અમારા ચૈતન્યસ્વરૂપને અમે જાણ્યું છે, ને હવે નિર્મોહ થઈને ચૈતન્યની શુદ્ધતાને સાધવા માટે જંગલમાં જઈશું ને મુનિદશા ધારણ કરીશું.

જુઓ, આ મુમુક્ષુનો વૈરાગ્ય! ચૈતન્યની મસ્તી જાગી તે હવે સંસારના પીંજરામાં રહેશે નહીં. ગૃહવાસના મોહબંધનથી છૂટીને અમે હવે મુનિ થવા માંગીએ છીએ, હવે અમારું સ્થાન વનમાં છે. વનના સિંહ અને વાઘની વચ્ચે અમે અમારા ચૈતન્યને સાધશું. ચૈતન્યનો અનુભવ તો થયો છે, ને હવે તેની પૂર્ણતાને સાધવા માટે મોક્ષાર્થી જીવ આ રીતે મુનિ થાય છે.

પોતાને દેહથી ભિન્ન જાણ્યો છે અને સામાને પણ દેહથી ભિન્ન આત્મા તરીકે જુએ છે; તેથી કહે છે કે અહો આ બંધુવર્ગના આત્માઓ! આ પુરુષનો આત્મા જરા પણ તમારો નથી–એમ નિશ્ચયથી તમે જાણો. એક જ્ઞાનસ્વભાવ જ અમારો છે, જગતમાં બીજું કાંઈ અમારું નથી, ને અમે બીજા કોઈના નથી–એમ અમે જાણ્યું છે, જ્ઞાનજ્યોતિ અમને પ્રગટી છે. –અમારો આત્મા જ અમારો ખરો બંધુ છે, તેથી અમારા અનાદિના બંધુ પાસે હવે અમે જઈએ છીએ, માટે હવે તમારી વિદાય લઈએ છીએ.

હવે અમે વનજંગલમાં જઈને આત્મામાં લીન થઈને આત્માની સિદ્ધિને સાધશું. માટે હે જીવો! તમે પણ મોહ છોડીને રજા આપો.


જાુઓ, આ જ્ઞાનીનો વૈરાગ્ય! જાુઓ, આ મુનિ થનાર જીવની અંતરની તૈયારી.

પિતા તથા માતાના આત્મા પાસે જઈને વૈરાગ્યથી કહે છે કે હે પિતાના આત્મા! હે માતાના આત્મા! આ પુરુષનો આત્મા તમારાથી ઉત્પન્ન થયો નથી એમ તમે નિશ્ચયથી જાણો. પરજ્ઞેયોથી ભિન્ન મારા જ્ઞાનતત્ત્વને મેં જાણ્યું છે, અને હવે વૈરાગ્યથી હું મારા આત્માને સાધવા માંગું છું, માટે તમે મને વિદાય આપો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો મારો આત્મા આજે પોતાના આત્મા પાસે જાય છે; આત્મા જ પોતાનો અનાદિ જનક છે અર્થાત્ પોતાની નિર્મળ પર્યાયરૂપી પ્રજાનો ઉત્પાદક પોતે છે. અમે અમારા આત્માને સ્વાનુભૂતિથી જાણ્યો છે, ને હવે અંતરમાં અનુભવેલા તે માર્ગે જઈએ છીએ, હવે મુનિ થઈને આત્માના કેવળજ્ઞાનનિધાનને ખોલશું. હવે ફરીને બીજા માતા–પિતા આ સંસારમાં નહીં કરીએ. અમારો આત્મા આ સંસારના કલેશથી થાક્યો છે. આ સંસારથી હવે બસ થાવ. હવે અમે ચૈતન્યના પૂરા આનંદને જ અનુભવશું. –આમ વિનયથી રજા લઈને મોક્ષમાર્ગને સાધવા ગુરુ પાસે જાય છે ને મુનિપણું અંગીકાર કરે છે.

અહા! ધર્મકાળમાં તો આવા ઘણા પ્રસંગો બનતા. નાનકડા કલૈયાકુંવર જેવા રાજકુમારો પણ વૈરાગ્ય પામીને દીક્ષા લેતા. ભરતચક્રવર્તીના એકસો નાનકડા કુમારો વનક્રીડા કરવા ગયેલા ને ત્યાં જયકુમાર–સેનાપતિની દીક્ષા સમાચાર સાંભળતાં જ વૈરાગ્ય પામીને વનમાંથી બારોબાર આદિનાથ પ્રભુના સમવસરણમાં જઈને દીક્ષા લઈ લીધી. માતા–પિતાને પૂછવા પણ ન રોકાયા. વાહ! નાની ઉંમરના રાજકુમારો મુનિ થઈને હાથમાં નાનકડું કમંડળ ને નાનકડી મોરપીંછી લઈને ચૈતન્યની ધૂનમાં મસ્ત ચાલ્યા આવતા હોય,–એ તો જાણે કે નાનકડા સિદ્ધભગવાન!! અહા, મુનિદશાના મહિમાની શી વાત! આવા મુનિનાં દર્શન પણ મહા ભાગ્યે જ મળે છે. અત્યારે અહીં તો મુનિનાં દર્શન પણ ક્યાં છે? જ્યાં સાચો તત્ત્વનિર્ણય પણ ન હોય ત્યાં મુનિદશા ક્યાંથી હોય? તત્ત્વને જાણ્યા વગર એમ ને એમ માની લ્યે કે અમે મુનિ છીએ, –એ તો મોટી ભ્રમણા છે; એને મુનિદશાની ખબર પણ નથી. મુનિદશા એ તો પરમેષ્ઠી પદ! ઇન્દ્રો અને ચક્રવર્તીઓ પણ ભક્તિથી જેનો આદર કરે છે ને કેવળજ્ઞાન લેવાની જેની તૈયારી છે એ મુનિદશાની શી વાત!

જે મુમુક્ષુ આત્માના જ્ઞાન ઉપરાંત હવે મુનિ થવા તૈયાર થયો છે તે સ્ત્રી વગેરે પાસે રજા માંગે છેઃ પોતાના આત્માને જેમ દેહથી ભિન્ન જાણ્યો છે, તેમ સામા આત્માઓને પણ દેહથી ભિન્ન જાણ્યા છે, તેથી તે આત્માને સંબોધીને કહે છે કે હે રમણીના આત્મા! આ આત્માને રમાડનાર તું નથી–એમ તું નિશ્ચયથી જાણ; અમારા ચૈતન્યના અતીન્દ્રિય, વિષયાતીત સુખને અમે જાણ્યું છે, તે આત્મસુખમાં જ હવે અમે રમશું; બાહ્યવિષયોમાં સ્વપ્નેય સુખ ભાસતું નથી. હવે તો સ્વાનુભૂતિરૂપી જે અનાદિરમણી તેમાં જ રમણતા કરશું, આ સંસારની રમણતા છોડીને આજે જ અમે અમારી સ્વાનુભૂતિ પાસે જશું.

એ રીતે પુત્રના આત્માને પણ કહે છે કે હે આત્મા! આ આત્માનો જન્ય તું નથી; તારો આત્મા અનાદિ સત્ પદાર્થ છે તેને અમે ઉપજાવ્યો નથી. –આમ જાણીને તું આ આત્માનો મોહ છોડ. અમારો ખરો જન્ય એટલે કે અમારી ખરી પ્રજા તો અમારી નિર્મળપર્યાયોની સંતતિ જ છે. જ્ઞાનજ્યોતિ અમને પ્રગટી છે, અને હવે સ્વાનુભવમાં એકાગ્રતા વડે અમે અમારા કેવળજ્ઞાનાદિરૂપ નિર્મળ પર્યાયની સંતતિને પ્રગટ કરશું.




મુમુક્ષુ વૈરાગી એ રીતે બંધુજનોને વૈરાગ્યભાવથી સંબોધન કરીને રજા માંગે છે; તેના વચનો સાંભળીને બીજા પાત્ર જીવો પણ વૈરાગ્ય પામે છે. ભેદજ્ઞાન વડે જેનો આત્મા જાગ્યો છે અને જેની અંતર્–પરિણતિમાં વૈરાગ્યના ધોધ ઊછળ્યા છે તે કાંઈ બીજાને કારણે સંસારમાં રોકાતા નથી; એને માતા–પિતા ભાઈ–બેન કે સ્ત્રી–પુત્રાદિની મમતા નથી એટલે એ તો બધાને છોડીને મુનિ થઈને કેવળજ્ઞાન સાધવા માટે વનમાં જાય છે. પાંજરેથી છૂટેલા વનવિહારી સિંહ પાછા પીંજરે પુરાય નહીં, તેમ આત્માના જ્ઞાનપૂર્વક જેણે મોહપીંજરું તોડયું એવા વનવિહારી સન્તો હવે સંસારના પીજરામાં રહે નહીં.

–એ રીતે મુનિ થવા નીકળેલા તે ધર્માત્મા જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ અને વીર્યના વ્યવહાર પંચાચારને અંગીકાર કરે છે, –પણ કઈ રીતે અંગીકાર કરે છે? –કે હેયબુદ્ધિથી; જ્ઞાનાચારમાં ગુરુવિનય વગેરેના વિકલ્પો, દર્શનાચારમાં વાત્સલ્ય વગેરેના વિકલ્પો, ચારિત્રાચારમાં પંચમહાવ્રત વગેરેના વિકલ્પો, તેમજ વીર્યાચાર અને તપાચાર સંબંધી શુભ વિકલ્પો, તે શુદ્ધાત્માથી ભિન્ન છે એમ તો તેણે જાણ્યું છે; તે વિકલ્પો નિશ્ચયથી આત્માનું સ્વરૂપ નથી પણ શુદ્ધઆત્માની ઉપલબ્ધિ ન થાય ત્યાં સુધી તેવા વિકલ્પો હોય છે, ને તેનાથી વિપરીત વિકલ્પો નથી હોતા, એટલે વ્યવહારથી તેને અંગીકાર કરે છે. –ક્યાં સુધી? કે શુદ્ધોપયોગ ન થાય ત્યાં સુધી જ. આ રીતે વ્યવહાર પંચમહાવ્રતાદિ અંગીકાર કરતી વખતે જ મુનિ થનારને ભાન છે કે આ મારા આત્માનું વાસ્તવિકસ્વરૂપ નથી. મુનિને શુદ્ધોપયોગના અભાવ વખતે વચ્ચે એવા શુભભાવો હોય છે તેથી ઉપચારથી એમ કહ્યું કે, તેના પ્રસાદથી શુદ્ધઆત્માની ઉપલબ્ધિ કરું ત્યાં સુધી તેને અંગીકાર કરું છું. એટલે ખરેખર ભાવના તો શુદ્ધોપયોગની જ છે, શુભ વિકલ્પોની ભાવના નથી. જો વિકલ્પોથી ખરેખર લાભ માનીને તેમાં જ એકત્વબુદ્ધિ કરે તો તો તેમાં જ રોકાઈ રહે, એટલે તેને શુદ્ધાત્માની તો પ્રાપ્તિ ન થાય પણ અજ્ઞાનની પ્રાપ્તિ થાય. જેણે પહેલેથી સમસ્ત પરભાવોથી જાુદું પોતાનું સ્વરૂપ જાણ્યું છે–અનુભવ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને મુનિદશામાં કેવો વ્યવહાર હોય તે અહીં વ્યવહાર પંચાચારનું વર્ણન કરીને ઓળખાવ્યું છે. પરમાર્થ મુનિપણું તો અંદરની શુદ્ધ પરિણતિરૂપ છે.

ખરેખર આ આત્મા ધર્મરૂપે એટલે કે શુદ્ધોપયોગરૂપે પરિણમે તે ધર્મીનો મનોરથ છે, તે જ ધર્મીની ભાવના છે. મોક્ષને સાધતાં વચ્ચે રાગનો અંશ આવી જાય તેની ભાવના ધર્મીને નથી. શુદ્ધોપયોગવડે રાગ–દ્વેષ–મોહને હણીને જ અર્હંતોએ મોક્ષને સાધ્યો છે; મુનિવરો પણ એ જ ઉપાયમાં પ્રયત્નશીલ છે. ચોથા ગુણસ્થાને ધર્મની શરૂઆત પણ શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે. છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે તે પણ કષાયનો કણ છે, આચાર્યદેવ કહે છે કે તેને ઓળંગીને હું શુદ્ધોપયોગમાં લીન થાઉં છું, એકાગ્રતા વડે શુદ્ધોપયોગી શ્રમણ થઈને હું સાક્ષાત્ મોક્ષમાર્ગને સાધું છું. જેને ભવસમુદ્રનો કિનારો આવી ગયો છે અને સાતિશય જ્ઞાનજ્યોતિ ખીલી ગઈ છે એવા આચાર્યદેવ પોતે આ રીતે ચારિત્રદશામાં ઝુલતા ઝુલતા બીજા મોક્ષાર્થી જીવોને પણ તે માર્ગ ઉપદેશી રહ્યા છે. અહો જીવો! આત્માના મોક્ષને સાધવા માટે, એટલે આત્માના અતીન્દ્રિય સુખને સાધવા માટે, અને ભયંકર ભવદુઃખોથી છૂટવા માટે તમે પણ જ્ઞાનતત્ત્વનો નિર્ણય કરીને આવી ચારિત્રદશાને અંગીકાર કરો. આવી ચારિત્રદશા અંગીકાર કરવા માટે તૈયાર થયેલો મુમુક્ષુ જીવ કઈ રીતે મુનિ થાય છે તેનું આ વર્ણન છે.

દીક્ષા માટે તૈયાર થયેલો તે મુમુક્ષુ–ધર્માત્મા કુટુંબાદિને છોડીને પછી આચાર્ય પાસે જઈને દીક્ષા માંગે છે. શુદ્ધાત્માની ઉપલબ્ધિને સાધનારા મહા ગુણવાન આચાર્ય પાસે જઈને, વંદન કરીને વિનયથી પ્રાર્થના કરે છે કે હે પ્રભો! આ સંસારનાં દુઃખોથી છૂટવા અને શુદ્ધઆત્માની પ્રાપ્તિ કરવા હું આપના આશ્રયે આવ્યો છું. માટે હે સ્વામી! શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો.



ત્યારે શ્રી આચાર્ય ભગવાન તેની પાત્રતા જોઈને તેના ઉપર અનુગ્રહ કરે છે કે; 'લે, આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ!' આ રીતે આચાર્યદેવ અનુગ્રહપૂર્વક તે શિષ્યને મુનિદીક્ષા આપે છે. અહા, જાણે શુદ્ધાત્મા જ આપ્યો! પરમ અનુગ્રહ કરીને તેને મુનિદશા આપી.

આ રીતે શ્રીગુરુ પાસે મુનિદીક્ષા લઈને પછી શું કરે છે? –




'હું પરનો નથી, પર મારાં નથી; આ લોકમાં મારું કાંઈ પણ નથી, પરની સાથે મારે કાંઈ પણ સંબંધ નથી, હું તો શુદ્ધજ્ઞાનમાત્ર જ છું' –આવા નિશ્ચયવાળો અને જિતેન્દ્રિય વર્તતો થકો તે મોક્ષાર્થીજીવ યથાજાત સહજરૂપને ધારણ કરે છે......એટલે કે ધ્યાન વડે આત્માનું જેવું સહજ શુદ્ધસ્વરૂપ છે તેવું પ્રગટ કરે છે. આ રીતે અંતરના ધ્યાનમાં શુદ્ધોપયોગ પ્રગટ કરીને, મોક્ષની સાક્ષાત્ સાધક એવી મુનિદશા પ્રગટ કરે છે.

નમસ્કાર હો તે મુનિભગવંતના ચરણમાં.

# વિવિધ સમાચાર

* સોનગઢમાં પૂ. શ્રી કાનજી સ્વામી સુખશાંતિમાં બિરાજમાન છે; દસલક્ષણપર્વ આનંદમંગળપૂર્વક ઉજવાયા. સવારે પદ્મનંદી–પચીસીમાંથી દશધર્મ ઉપરાંત સમયસાર (આસ્રવ તથા સંવરઅધિકાર) અને બપોરે નિયમસાર (શુદ્ધભાવઅધિકાર) ઉપર પ્રવચનો થયા હતા.

## * સોનગઢમાં પરમાગમ-મંદિરનું શિલાન્યાસ

ભાદરવા સુદ બીજના રોજ સોનગઢમાં પરમાગમ–મંદિરનું શિલાન્યાસ થયું હતું. આ પ્રસંગે ખાસ કરીને મુંબઈના તેમજ બીજા અનેક ગામોના મુમુક્ષુઓ આવ્યા હતા ને ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે આફ્રિકાવાળા શેઠશ્રી ભગવાનજીભાઈએ અને તેમના કુંટુંબીજનોએ શિલાન્યાસ કર્યું હતું. આ આગમમદિર કરવા માટેની જાહેરાત મુંબઈમાં રત્નચિંતામણિ–જન્મજયંતી પ્રસંગે થઈ હતી. શિલાન્યાસ પહેલાં પ્રવચનમાં ગુરુદેવે જિનવાણીનો મહિમા સમજાવ્યો હતો અને આત્મામાં ભાવશ્રુતરૂપ જિનાગમની પ્રતિષ્ઠા કરવાની પ્રેરણા આપી હતી, –જેનો સાર આ અંકમાં આપ્યો છે. સોનગઢનું આ આગમમંદિર, સ્વાધ્યાયમંદિરના વિશાળ ચોગાનમાં ૮૦ ફૂટ લાંબુ ને ૪૦ ફૂટ પહોળું થશે, અને તેની દીવાલો આરસમાં કોતરેલા સમયસારાદિ જિનાગમોવડે શોભી ઊઠશે. જો કે ગુરુદેવના પ્રતાપે કુંદકુંદ પ્રભુના સમયસારાદિ પરમાગમોનો મહાન મહિમા અને પ્રભાવના ભારતભરમાં થઈ જ રહ્યા છે, તે ઉપરાંત આ આગમમંદિર તે સૂત્રોના વિશેષ મહિમાને પ્રસિદ્ધ કરશે. તેનું શિલાન્યાસ કરવાનું પોતાને સદ્ભાગ્ય મળ્યું તેના ઉલ્લાસમાં શેઠશ્રી ભગવાનજીભાઈએ મોટી રકમનો ફાળો આ કાર્યમાં આપ્યો હતો. તે ઉપરાંત જિનવાણીની પ્રતિષ્ઠાના આ મંગલકાર્યના પ્રારંભપ્રસંગે જાણે કુંદકુંદપ્રભુનો જ ફરીને સાક્ષાત્કાર થતો હોય એવો પરમ ઉલ્લાસ પૂ. બેનશ્રીબેન બંને બહેનોએ પ્રસિદ્ધ કર્યો હતો ને જિનવાણીની અદ્ભુત ભક્તિ કરાવીને, ફરીને એકવાર દિવ્યધ્વનિ સંભળાવવા સીમંધર પ્રભુજીને વિનતિ કરી હતી. આમ આનંદોલ્લાસપૂર્વક શિલાન્યાસ વિધિનો ઉત્સવ થયો હતો. આ પ્રસંગે આગમમંદિર માટે (અગાઉના ફંડ ઉપરાંત) રૂા. સવાલાખ જેટલી રકમોની ઉત્સાહભરી જાહેરાત થઈ હતી.

## * કાનાતળાવમાં જિનમંદિરનું શિલાન્યાસ

ભાદરવા સુદ ત્રીજના રોજ સોનગઢથી કેટલાક મુમુક્ષુભાઈબહેનો કાનાતળાવ

(સાવરકુંડલાથી ચાર માઈલ દૂર) ગામે ગયા હતા ને ત્યાં શેઠશ્રી પોપટલાલ મોહનલાલ વોરાના હસ્તે જિનમંદિરનું, તથા શેઠશ્રી ચીમનલાલ હિંમતલાલના હસ્તે સ્વાધ્યાય મંદિરનું શિલાન્યાસ થયું હતું. કાનાતળાવમાં જિનમંદિર બાંધવાનો ઉલ્લાસ ત્યાંના મુમુક્ષુ પટેલ–કણબીભાઈઓને જાગ્યો છે અને સ્વાધ્યાય ઉપરાંત હવે જિનેન્દ્રભગવાનના ભક્તિ–પૂજન માટે તેઓ આતુર છે. આ મંગલ કાર્ય માટે ત્યાંના મુમુક્ષુઓને વધાઈ! કાનાતળાવમાં શિલાન્યાસ પ્રસંગે શેઠશ્રી પોપટભાઈ, ચીમનભાઈ અને બીજા મુમુક્ષુઓ તરફથી ત્રીસેકહજાર રૂા. ની રકમોનું ફંડ જાહેર થયું હતું.

## * આત્મધર્મનું ગૌરવ

ચાલુ સાલે બધા ગ્રાહકોએ દીવાળી પહેલાં લવાજમ મોકલી આપેલ, એટલે એક પણ ગ્રાહકને વી. પી. કરવું પડયું નહોતું. તેથી વ્યવસ્થામાં ઘણી રાહત થઈ હતી તેમજ ખર્ચમાં પણ સારો બચાવ થયો હતો, અને આત્મધર્મના વાંચકવર્ગનું ગૌરવ પણ વધ્યું હતું. એ જ રીતે આ વર્ષે પણ બધા જ ગ્રાહકો આગામી સાલનું લવાજમ રૂા. ૪ ચાર દીવાળી પહેલાં જેમ બને તેમ વેલાસર મોકલીને આત્મધર્મનું ગૌરવ વધારશે અને વ્યવસ્થામાં સહકાર આપશે–એવો વિશ્વાસ છે. ગઈ સાલ કરતાં આ સાલ ગ્રાહકસંખ્યામાં ખૂબ વધારો થયો છે, અને હજી પણ તેમાં વધારો થઈને ત્રણ હજાર ઉપરાંત સંખ્યા થઈ જાય–એવી આશા રાખીએ છીએ. –જય જિનેન્દ્ર




## (બાલવિભાગના એક સભ્યનો સ્વર્ગવાસ)

જલગાંવના ભાઈશ્રી વૃજલાલ મગનલાલના સુપુત્રી કુમારી ઉષાબેન વૃજલાલ શ્રાવણ વદ બીજના રોજ મગજના તાવની બિમારીમાં ૧૮ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા. તેઓ બાલવિભાગના એક ઉત્સાહી સભ્ય (નં. ૯૫૨) હતા; તેમના મોટા બહેન બ્ર. હર્ષાબેન સોનગઢ– આશ્રમમાં રહે છે તેથી અવારનવાર સોનગઢ આવીને તેઓ પણ ઉલ્લાસથી ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેતા હતા. ગત વર્ષે શ્રાવણ માસમાં પણ તેમણે ઉત્સાહથી ભાગ લીધો હતો; તેઓ ભદ્ર અને સરળ હતા. સોનગઢ રહેવાનું તેમને ખૂબ ગમતું. તેમણે જીવનની અંતિમ ઘડી સુધી ‘હું છું આત્મા.....પરમાત્મા.....’ વગેરેનું રટણ અને સમ્યક્ત્વની તથા દેવ–ગુરુના સત્સંગની ભાવનાઓ ભાવી હતી. અને તે ભાવનાઓના સંસ્કાર સાથે લઈને તેમનો આત્મા સ્વર્ગવાસ પામી ગયો. વીતરાગી દેવ–ગુરુના આશ્રયે તેઓ આત્મહિત પામો. (બાલવિભાગના સભ્યોને સૂચના કે આપણી એક બહેનના

સ્વર્ગવાસના આ સમાચાર વાંચો ત્યારે વૈરાગ્યપૂર્વક તેમની સ્મૃતિમાં નવ નમસ્કાર મંત્રનો જાપ કરજો. )

* બરવાળા (ઘેલાશા) ના મણીબેન પરસોતમદાસ શ્રાવણ વદ આઠમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દેવ–ગુરુના શરણે આત્મહિત પામો.

## પરમાત્મા તેડાવે છે.....ને સંતો આનંદિત થાય છે.

જાણે કે સાક્ષાત્ પરમાત્માએ બોલાવ્યા હોય ને તેમને મળવા માટે જતા હોય, તેમાં કેટલો આહ્લાદ હોય! તેમ સ્વભાવની ભાવનામાં સાધકને પરમ આહ્લાદ છે. એક સાધારણ રાજા મળવા માટે તેડાવે તોય લોકો કેવા ખુશી થાય છે? ત્યારે અહીં તો અંદરમાં ભગવાન ભેટવા બોલાવે છે કે : આવો....આવો! આ આનંદમય ચૈતન્યધામમાં આવો! આવા ચૈતન્યના અનુભવમાં એકલો આનંદનો આહ્લાદ જ ભર્યો છે. વાહ! ભગવાનના તેડાની આ વાત સાંભળતાં પણ શ્રોતાઓ કોઈ અનેરો ઉલ્લાસ અનુભવે છે.

શુદ્ધ આનંદસ્વભાવનો જે ખરેખરો ઉલ્લાસ ને ઉમંગ આવવો જોઈએ, તે ઉલ્લાસ અજ્ઞાનીને નથી આવતો તેથી તે બીજે અટકી જાય છે; જો ખરો ઉલ્લાસ અને ઉમંગ આવે તો અનુભવ થયા વિના રહે નહિ. ચૈતન્યભગવાન આનંદામૃતનો વેલો છે. આવી પોતાની સ્વ-વસ્તુ પ્રત્યે અસંખ્ય પ્રદેશે ઉલ્લાસ ઉલ્લસે ત્યાં પરિણતિ વિભાવથી પાછી ફરી જાય છે, સ્વાનુભવ થાય છે; તે સ્વાનુભવમાં તેને પરમાત્માની પ્રાપ્તિ છે. - આવા સ્વાનુભવનું નામ પરમાત્માની સ્તુતિ છે. ચૈતન્યના અનુભવના મહા સામર્થ્ય વડે મોહનો ક્ષય કરી નાંખે છે, તે પરમાત્માની ઉત્કૃષ્ટ સ્તુતિ છે; અલ્પ કાળમાં તે સ્વયં પરમાત્મા થાય છે. તે સાધકને પરમાત્માના તેડા આવી ગયા છે. નિર્વિકલ્પધ્યાનવડે સાક્ષાત્ પરમાત્મા સાથે તેનું મિલન થાય છે. અહા, ભગવાનના મિલનના આનંદની શી વાત?

(ગુરુદેવના પ્રવચનમાંથી)

# ધર્મીને આસ્રવ નથી,......કેમ નથી ?
# -કેમકે તેનાં પરિણામ જ્ઞાનમય છે

**શ્રાવણ વદ ૧૦ ના રોજ સોનગઢમાં ભાઈશ્રી ધીરજલાલ નાથાલાલ (મરઘાબેન) ના મકાનના વાસ્તુ પ્રસંગે (સમયસાર ગા. ૧૬૪-૧૬૫)**

આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ક્રોધાદિ આસ્રવો ખરેખર તેનું સ્વરૂપ નથી. એ વાત કર્તા–કર્મ અધિકારમાં સમજાવી; એ રીતે ચૈતન્યસ્વરૂપ આત્મા અને રાગાદિ આસ્રવોનું ભેદજ્ઞાન કરાવ્યું.

હવે જીવને મિથ્યાત્વાદિ આસ્રવો થાય છે તે પોતાના પરિણામથી થાય છે, ભાવઆસ્રવ તે જીવનાં પરિણામ છે, તેમાં જીવના પરિણામનો અપરાધ છે. તે આસ્રવ ભાવો જડ નથી તેમજ ચેતનનું પણ પરમાર્થસ્વરૂપ તે નથી, એટલે તેને ‘ચિદાભાસ’ કહેવાય છે.

આવા રાગ–દ્વેષ–મોહરૂપ જે ચિદાભાસ પરિણામ છે તેનો કર્તા અજ્ઞાની જ થાય છે, જ્ઞાની નહીં. જ્ઞાની તો પોતાને ચૈતન્યસ્વરૂપ જ અનુભવે છે. અતીન્દ્રિય આંનદથી ભરેલા પોતાના ચૈતન્યતત્ત્વને ભૂલીને અજ્ઞાની પોતાને રાગાદિરૂપ અનુભવે છે; તે પોતે પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. ભૂલ તે જડ નથી પણ જીવના ચિદાભાસ–પરિણામ છે. ખરેખર તે ચૈતન્ય નથી, પણ ચૈતન્ય જેવા દેખાય છે. જોકે છે તો ચૈતન્યભાવથી જુદા, પણ અજ્ઞાનીને તેનું જુદાપણું ભાસતું નથી એટલે તે ચિદાભાસ એવા મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થાય છે.

ધર્મી જીવને પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં રાગાદિની જરાપણ ભેળસેળ નથી. આવા વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન ચોથા ગુણસ્થાનથી જ શરૂ થઈ જાય છે. ધર્મી જીવને શ્રદ્ધા –જ્ઞાનઅનુભવમાં પોતાનો ચૈતન્યસ્વભાવ આવ્યો છે; તે સ્વભાવમાં, અને તે શ્રદ્ધા –જ્ઞાનમાં રાગાદિ પરભાવો જરાપણ નથી એટલે આસ્રવોનું કર્તૃત્વ તેમાં નથી. આ રીતે ધર્મી જીવને આસ્રવનો અભાવ છે.

જીવના મિથ્યાત્વાદિ ભાવો તે સંજ્ઞ–આસ્રવ એટલે કે ભાવાસ્રવ છે; તથા જાુનાં કર્મોનું ઉદયમાં આવવું તે અસંજ્ઞ–આસ્રવ અર્થાત્ દ્રવ્યાસ્ત્રવ છે, અને તે નવા કર્મના આસ્રવનું કારણ છે. પણ તે જાુનું કર્મ નવા કર્મના આસ્રવનું નિમિત્ત ક્યારે થાય? કે જીવ જો રાગ–દ્વેષ–મોહરૂપ અજ્ઞાનભાવે પરિણમે તો જ જુના કર્મનો ઉદય તેને નવા કર્મના આસ્રવનું નિમિત્ત થાય છે; જીવના રાગ–દ્વેષ–મોહ વગર દ્રવ્યાસ્રવો તે નવા આસ્રવનું કારણ થતા નથી.

જીવનો જે ચિદાનંદસ્વભાવ છે, તે સ્વભાવમાં રાગ–દ્વેષ–મોહ નથી; તેઓ ખરેખર ચૈતન્ય નથી પણ ચૈતન્ય જેવો દેખાય છે, એટલે ‘ચિદાભાસ’ છે. ચોથા ગુણસ્થાને ધર્માત્મા તે ચિદાભાસ પરિણામોને પોતાના સ્વભાવપણે અનુભવતા નથી, તેને જ્ઞાનથી ભિન્ન એટલે કે અજ્ઞાનમયપરિણામ જાણે છે. આનંદસ્વરૂપ આત્માને ભૂલીને જ્યારે અજ્ઞાનપણે રાગાદિનો કર્તા થાય ત્યારે જ જીવને આસ્રવ થાય છે.

પ્રશ્ન– જ્ઞાનીને આસ્રવ કેમ નથી?

ઉત્તરઃ– કેમકે જ્ઞાની પોતાને રાગ–દ્વેષ–મોહથી ભિન્ન એવા ચિદાનંદસ્વભાવપણે જ અનુભવે છે; તે ચિદાનંદસ્વભાવમાં આસ્રવ કેમ હોય? રાગાદિમાં જેને એકત્વબુદ્ધિ છે તેને જ આસ્રવ છે, ને તે તો અજ્ઞાનીને જ હોય છે, જ્ઞાનીને નહીં.

જાુઓ, આ ધર્મની સરસ વાત છે. ધર્મીની જ્ઞાનદશા કેવી હોય? ને અજ્ઞાનીના પરિણામ કેવા હોય? તેનું પૃથક્કરણ કરીને અપૂર્વ વાત સમજાવી છે. રાગથી ભિન્ન જેટલું ચૈતન્યપરિણામ થયું તેમાં વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે. ચોથા ગુણસ્થાને પણ અનંતાનુબંધી કષાયોનો અભાવ થઈને જેટલું વીતરાગભાવરૂપ પરિણમન થયું છે તેટલા અંશે ચારિત્ર છે; ને તે વીતરાગભાવમાં આસ્રવ નથી. આત્મા સાથે તે પરિણામ –અભેદ થઈ ગયા, અભેદજ્ઞાન થયું, વીતરાગવિજ્ઞાન થયું. આવા જ્ઞાનપરિણામને ધર્મ કહે છે. તે જીવ સ્વઘરમાં આવીને વસ્યો; આનંદમય એવા નિજધામમાં આવીને તે રહ્યો; તે ચેતન્યમય સ્વઘરમાં આસ્રવનો પ્રવેશ નથી.

અહો, ચૈતન્યચક્રવર્તી ભગવાન આત્મા, તેનો અનાદર કરીને રાગનો આદર કરતાં મિથ્યાત્વનું મોટું પાપ થાય છે, તે માટો આસ્રવ છે. ધર્મીને વિકલ્પથી ભેદ, ને ચૈતન્યસ્વભાવ સાથે અભેદપણું વર્તે છે એટલે તેના પરિણામ ચૈતન્ય સાથે અભેદ થયેલા છે, તેમાં રાગાદિ આસ્રવનો અભાવ છે, ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેમાં સમાય છે.

જેમ દુધીયું વગેરે પીણામાં અનેક પ્રકારનાં રસ મળેલા છે, તેમ ચૈતન્યના અનુભવમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરે વીતરાગી રસ એકમેક અભેદ અનુભવાય છે, આવા વીતરાગભાવરૂપ પરિણામ ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. ચોથા ગુણસ્થાને જે સમ્યક્ત્વાદિ પરિણામ છે તે પણ વીતરાગ છે. ને તે પરિણામ આસ્રવનું કારણ થતું નથી. આસ્રવનું કારણ તો અજ્ઞાનમય પરિણામ છે. ને તે અજ્ઞાનપરિણામ તો અજ્ઞાની જ કરે છે. જ્ઞાની તો પોતાને કર્મથી અને રાગાદિથી પણ ભિન્ન ચિદાનંદસ્વરૂપે અનુભવે છે. એવો અનુભવ થતાં સંસારનું મૂળ ઊખડી ગયું. આસ્રવનું મૂળ કારણ છેદાઈ ગયું. હવે રાગાદિભાવો તે જ્ઞાનનું કાર્ય નથી પણ જ્ઞાનના જ્ઞેયપણે જ છે; માટે જ્ઞાનમય પરિણામમાં ધર્મીને આસ્રવ નથી.

આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન જ્યાં થયું ત્યાં જ્ઞાન રાગાદિથી નિવૃત્ત થયું, વીતરાગ થયું. જુઓ, આ વીતરાગનો માર્ગ! સંતોના વીતરાગી હૃદયની આ વાત છે. આ મહાન મંગળ છે. ધર્મીનાં પરિણામ જ્ઞાનમય જ છે, ને જ્ઞાનમય પરિણામમાં બંધન છે જ નહીં, માટે તે મુક્ત જ છે. ધર્મી તો રાગથી જુદો પડીને જ્ઞાનભાવમય એવા નિજઘરમાં વસ્યા છે. વસ્તુમાં વસવું તેનું નામ વાસ્તુ; ચૈતન્ય વસ્તુ તો રાગથી પાર આનંદમય છે, તે વસ્તુને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લેવી તે જ સ્વઘરનું સાચું વાસ્તુ છે. સ્વઘરમાં વસતાં કેવળજ્ઞાન થશે ને સાદિ અનંતકાળ આનંદમય નિજઘરમાં તે રહેશે. સમ્યગ્દર્શન તે મોક્ષમહેલને માટે સીસાના પાયા જેવું છે. મિથ્યાત્વના પાયા ઉપર મોક્ષનો મહેલ ચણાય નહીં. મોક્ષ મહેલ માટે ચિદાનંદસ્વભાવની નિર્વિકલ્પ અનુભૂતિ કરીને સમ્યક્ પ્રતીતરૂપ પાકો પાયો નાંખવો જોઈએ. એવો અનુભવ કરતાં આસ્રવનો સર્વથા નાશ થઈને અલ્પ કાળમાં પરમ આનંદમય મોક્ષદશા થાય છે.

## આંખમાં અંજન

એક સખી બીજી સખીને આંખમાં અંજન આંજવા ગઈ. ત્યારે બીજી સખી કહે છે કે રહેવા દે; મારા નયનમાં કૃષ્ણપ્રેમ એવો ઠાંસીઠાંસીને ભર્યો છે કે તેમાં હવે અંજનની જગ્યા નથી.

તેમ ધર્મીની દ્રષ્ટિમાં ચેતન્યપ્રેમ એવો ભર્યો છે કે તેમાં હવે રાગની કાલિમાનો અંશ પણ સમાય તેમ નથી. એની દ્રષ્ટિમાં આતમ–રામ વસ્યા છે, તેમાં હવે અન્યનો અવકાશ નથી.

## જ્ઞાનસ્વભાવી આત્મા એટલે સર્વજ્ઞસ્વભાવી આત્મા. સર્વજ્ઞસ્વભાવી આત્મા એટલે મુક્તસ્વરૂપ આત્મા. તેનાથી વિરુધ્ધ શુભ-અશુભભાવો તે બંધભાવો.

( સમયસાર ગા. ૧૬૦ ઉપર પ્રવચનમાંથી : શ્રાવણ વદ બીજ )

આત્મા પોતે જ્ઞાન છે એટલે કે સર્વજ્ઞસ્વભાવી છે; સર્વજ્ઞસ્વભાવ કહો કે મુક્તસ્વભાવ કહો. આવો સ્વભાવ હોવા છતાં, પોતાના પુરુષાર્થના અપરાધથી પુણ્ય–પાપરૂપ કર્મમેલથી તે અવરાયો છે તેથી તે સર્વને જાણનારા એવા પોતાના આત્માને અનુભવતો નથી. શુભ–અશુભ કર્મને જ્ઞાનથી ભિન્ન ન જાણતાં જ્ઞાન સાથે એકમેક અનુભવે છે. એટલે ભિન્ન જ્ઞાનને ( એકલા જ્ઞાનને, સર્વજ્ઞસ્વભાવને ) તે જાણતો નથી. આથી એમ સમજાવ્યું કે જે શુભાશુભભાવો છે તે જ્ઞાનથી વિરુધ્ધ છે; જ્ઞાન તો અબંધ સ્વરૂપ છે, ને પુણ્ય–પાપ બંને બંધસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ જ્ઞાન, અને બંધસ્વરૂપ શુભાશુભભાવો, –તેમને એકતા કેમ હોય ? જે શુભ–અશુભ બંધભાવના કર્તાપણામાં રોકાય છે તે પોતાના મુક્તસ્વરૂપને ભૂલી જાય છે.

સર્વ જ્ઞેયોને જાણનાર એવો પોતાનો સર્વજ્ઞસ્વભાવી આત્મા, તેને તો અજ્ઞાની અનુભવતો નથી, માત્ર રાગને અનુભવે છે, બંધને અનુભવે છે, બંધન રહિત મુક્તસ્વરૂપને અનુભવતો નથી–જાણતો નથી.

શુદ્ધનયથી આત્મા મુક્તસ્વરૂપ છે; મોક્ષ થવો તે પર્યાયમાં છે. શુદ્ધનયથી મુક્તસ્વરૂપ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, તેમાં શુભ–અશુભ બંધભાવો નથી. કર્મબંધરૂપ મલિનતા તેમાં નથી. અહો, આવા શુદ્ધસ્વરૂપને સાધીને સંતો નિજસ્વરૂપમાં સમાય છે.–

હમ પરદેશી પંથી સાધુજી....
આ રે દેશકે નાંહીં રે.....
નિજ સ્વરૂપનું સાધન કરીને,
જાશું સ્વરૂપ-સ્વદેશ જો..... હમ૦

આ પુણ્ય–પાપના પરભાવો તે અમારો સ્વદેશ નથી. અમે તો પુણ્ય–પાપથી પાર એવા સિદ્ધસ્વરૂપના પંથી છીએ, આ પરભાવરૂપી પરદેશના વાસી અમે નથી; પુણ્ય–પાપ વગરનું સર્વજ્ઞસ્વભાવી જે નિજસ્વરૂપ તેને સાધીને અમે અમારા સ્વરૂપ–સ્વદેશમાં જઈશું. અમારું સ્વ–રૂપ અમારો સ્વદેશ તો સર્વજ્ઞપદથી ભરપૂર છે, પરમ આનંદથી પરિપૂર્ણ છે; તેને સાધીને તેમાં અમે ઠરશું.

'તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ–સ્વદેશ જો....' –એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે, તેમાં પોતાના આત્માની સાક્ષીથી ભવના અંતનો પડકાર કર્યો છે. અબંધસ્વરૂપ એટલે મુક્તસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી આત્માનો જ્યાં અનુભવ થયો ત્યાં મોક્ષની નિઃશંકતા થઈ ગઈ. પુણ્ય–પાપરૂપ બંધન વગરનો મુક્તસ્વભાવ અહીં જ સમ્યગ્દર્શન થતાં અનુભવમાં આવી ગયો છે. જે જીવ બંધભાવને ( –પછી ભલે તે પુણ્ય હોય, –તેને ) પોતાના સ્વરૂપ તરીકે અનુભવે છે તે પોતાના મુક્તસ્વરૂપને અનુભવતો નથી એટલે મોક્ષનો માર્ગ તેને પ્રગટતો નથી.

શુદ્ધનયથી આત્માનો સ્વભાવ મુક્તસ્વરૂપ છે જ; ને તેના અનુભવથી પર્યાયમાં મુક્તિ પ્રગટે છે. જે જીવ શુદ્ધસ્વરૂપનો અનુભવ તો કરે નહિ અને પર્યાયમાં પણ પોતાને શુદ્ધ માનીને સ્વછંદે વર્તે તો એને તો સંસારમાં જ રખડવાનું છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે પોતાનો અપરાધ છે એમ જાણીને, શુદ્ધસ્વરૂપમાં અનુભવ વડે તેનો નાશ કરશે ત્યારે જ પર્યાયમાં મોક્ષદશા પ્રગટ થશે. પર્યાયમાં શુદ્ધતાનો અનુભવ થયા વગર 'હું શુદ્ધ છું' એમ જાણ્યું કોણે? શુદ્ધપણે અનુભવ કરે ત્યારે શુદ્ધાત્માને ખરેખર જાણ્યો કહેવાય; ને ત્યારે જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

સર્વજ્ઞસ્વરૂપ જે આત્મા, તેના અંતર્અનુભવથી અતીન્દ્રિય આનંદના અમૃત વરસે છે. રાગ–દ્વેષના અનુભવમાં તો ઝેર છે, ને ચૈતન્યના અનુભવમાં અમૃત વરસે છે. અહો, પંચમકાળમાં પણ સંતોએ આવા અમૃત વરસાવ્યા છે. જ્ઞાનસ્વરૂપ છે તે આનંદમય છે, ને પુણ્ય–પાપ તો આકુળતારૂપ છે.

આત્માનો સહજ જ્ઞાનસ્વભાવ છે, તે પરિપૂર્ણ છે, તેને ન જાણવાથી જીવ અજ્ઞાની છે. પરને ન જાણ્યું માટે અજ્ઞાની એમ ન કહ્યું, પણ સર્વને જાણવાના સામર્થ્યવાળો જે પોતાનો સર્વજ્ઞસ્વભાવ, તેને નથી જાણતો તેથી અજ્ઞાની છે. સર્વજ્ઞસ્વભાવને જાણનારા–અનુભવનારા સંતો, પુણ્ય–પાપરૂપ અપરાધરહિત એવા મોક્ષમાર્ગને સાધે છે.

શુભ કે અશુભ બંને ભાવો કષાય છે, અપરાધ છે, તે મોક્ષમાર્ગનું સાધન નથી. મોક્ષમાર્ગમાં જ્ઞાનીને શુભરાગ થાય તે પણ અપરાધ છે, તે કાંઈ ગુણ નથી. ગુણ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તે રત્નત્રય જ નિર્વાણનો હેતુ છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં ગાથા ૨૨૦માં કહે છે કે–

रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति, न अन्यस्य।
आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।

જે સમ્યક્ત્વાદિ રત્નત્રય છે તે તો નિર્વાણનો જ હેતુ છે, તે બીજાનો હેતુ નથી અર્થાત્ તે બંધનું કારણ નથી. ધર્મીને જે પુણ્યનો આસ્રવ થાય છે તે તો આ શુભોપયોગનો અપરાધ છે; અર્થાત્ શુભોપયોગ જ પુણ્યબંધનું કારણ છે અને તે અપરાધ છે; રત્નત્રયરૂપ વીતરાગધર્મ તે કાંઈ પુણ્યબંધનું કારણ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના જેટલા અંશો છે તેટલા અંશે બંધન નથી; જે રાગાંશો છે તે જ બંધનું કારણ છે–એ સિદ્ધાંત ગા. ૨૧૨–૨૧૩–૨૧૪ માં સ્પષ્ટપણે અમૃતચન્દ્રાચાર્યે સમજાવ્યો છે.

જ્ઞાનીને પુણ્યબંધ થાય તે કાંઈ રત્નત્રયનું કાર્ય નથી, તે તો શુભોપયોગનો અપરાધ છે, શુભોપયોગ જ તે પુણ્યબંધનું કારણ છે, રત્નત્રય કાંઈ બંધનું કારણ થતા નથી, તે તો મોક્ષનું જ કારણ થાય છે. અરે, તારી ચીજ મોક્ષસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવથી ભરપૂર તેને તું સંભાળ. સર્વ–ગુણસમ્પન્ન આત્મા છે; સર્વજ્ઞેયોને સાક્ષાત્ સર્વપ્રકારે જાણવાની તેની તાકાત છે. પણ પોતે પોતાને આવો સર્વજ્ઞસ્વભાવી ન માનતાં, પુણ્ય–પાપરૂપ બંધભાવરૂપે જ પોતાને માને છે તે અંદરના સાક્ષાત્ ભગવાનથી દૂર થઈને પરભાવમાં જાય છે. અહો, સર્વજ્ઞસ્વભાવી આત્મા અંદર બિરાજે છે, તેમાં નજર કરતાં બંધભાવોથી રહિત મુક્તસ્વરૂપ આત્મા અનુભવાય છે. આવો અનુભવ તે અપૂર્વ અલૌકિક વસ્તુ છે.

'શ્રાવણ વદ બીજ' ના આ પ્રવચનમાં ધર્મરત્ન પૂ. ચંપાબેનના જન્મદિવસને યાદ કરીને ગુરુદેવ વાત્સલતાથી કહે છે કે અહો, સર્વગુણથી સંપૂર્ણ એવો ચૈતન્યરત્નાકર ભગવાન તેમાં નજર કરીને અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. જ્ઞાની પોતાના ચૈતન્યસ્વભાવને અનુભવતા થકા ભગવાનની નજીક વર્તે છે. જે પોતાના અપરાધથી ભગવાનને ભૂલ્યો તે ભગવાનથી દૂર થયો. પુણ્ય–પાપને પોતાનું માનીને અજ્ઞાનમાં અટકેલા જીવો ભગવાનને ભૂલી જાય છે; એટલે તે તો ભગવાનથી દૂર છે. ને

જ્ઞાની પોતાના સર્વજ્ઞસ્વભાવને અનુભવતા થકા સમસ્ત પરભાવોથી દૂર એટલે જુદા વર્તે છે, ને અંદરમાં પોતાના સર્વજ્ઞસ્વભાવી ભગવાનની નજીક વર્તે છે. અહો, સર્વ પ્રકારે સંપૂર્ણ મારો આત્મા, જગતને જાણવાના સામર્થ્યવાળો–એવા અનુભવમાં ધર્મી જીવને જગતની કોઈ અભિલાષા નથી કે શુભરાગનોય રસ નથી; કેમકે મારો સર્વજ્ઞસ્વભાવ કાંઈ સંયોગથી ટક્યો નથી. આવા સ્વભાવને ન દેખવો ને રાગને નિજકાર્યપણે દેખવો તે તો સર્વજ્ઞસ્વભાવનો અપરાધ છે, વિરાધના છે. સર્વજ્ઞસ્વભાવની આરાધના રાગથી પાર છે. શુભરાગમાં અજ્ઞાનીને અપરાધપણું દેખાતું નથી, કેમકે રાગ વગરનો નિરપરાધ અતીન્દ્રિય સર્વજ્ઞસ્વભાવ તેણે દેખ્યો નથી.

રાગાદિ ભાવો બંધસ્વરૂપ છે ને જ્ઞાનસ્વભાવ મુક્તસ્વરૂપ છે. જ્ઞાનસ્વભાવ જ સારો છે, તેને બદલે બંધભાવને (શુભરાગને–પુણ્યને) સારા તરીકે અનુભવવો તે મિથ્યાત્વ છે. શુભરાગ પોતે મિથ્યાત્વ નથી પણ તેને હિતરૂપે માનવો તે મિથ્યાત્વ છે. ધર્મી જીવ જ્ઞાનસ્વભાવને રાગ વગરનો, કર્મ વગરનો અનુભવે છે. તે જ મોક્ષમાર્ગ છે, તે જ સારો છે.

રાગ બંધનું કારણ છે, અને તેનાથી પાર સર્વજ્ઞસ્વભાવી આત્મા હું છું એમ ધર્મી અનુભવે છે, તે મોક્ષનું કારણ છે. અહા, સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં લેતાં, લક્ષમાં લેતાં, અનુભવમાં લેતાં, સમસ્ત પુણ્ય–પાપથી પર એવા અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. ઈન્દ્રિયો વડે કે પુણ્યના વિકલ્પો વડે એનું લક્ષ ન થઈ શકે. એની પોતાની જાતિનું અતીન્દ્રિય જ્ઞાન અંતર્મુખ થઈને સર્વજ્ઞસ્વભાવને ઓળખી શકે છે. સર્વજ્ઞસ્વભાવને ઓળખનારું જ્ઞાન રાગથી પાર છે. પુણ્યને મોક્ષમાર્ગ માનીને તેના કર્તૃત્વમાં અટકતાં સર્વજ્ઞસ્વભાવ ભૂલાઈ જાય છે. માટે જ્ઞાનથી તે પુણ્ય–પાપ ભિન્ન છે. આવું ભેદજ્ઞાન કરીને જે સર્વજ્ઞસ્વભાવને અનુભવે છે તે સાધક થઈને અલ્પકાળમાં સિદ્ધપદને સાધે છે.

જય હો સર્વજ્ઞસ્વભાવને અનુભવનારા સાધક સન્તોનો.

**આખી દુનિયાના અંધારાં ભેગા થાય તોપણ નાનકડા દીવાને ઓલવી શકતા નથી. તેમ આખી દુનિયાની પ્રતિકૂળતા ભેગી થાય તોપણ ધર્માત્માની જ્ઞાનજ્યોતને બુઝાવી શકતી નથી.**

## પં. બુધજનરચિત છહઢાળા * ( છઠ્ઠી ઢાળ )

આ પહેલાંની પાંચ ઢાળ અનુક્રમે આત્મધર્મ અંક ૩૦૪, ૩૦૬, ૩૦૮A, ૩૦૯ અને ૩૧૦ માં અર્થ સહિત આપી ગયા છીએ. આ છઠ્ઠી ઢાળમાં મુનિદશા તથા કેવળજ્ઞાન અને મોક્ષ પામવાનું વર્ણન કર્યું છે, અને આવો મનુષ્યઅવતાર પામીને કરોડો ઉપાયે પણ જિનધર્મની ઉપાસના કરવાની પ્રેરણા આપી છે.

### ( રોલા છંદ )

અથિર ધ્યાય પર્યાય,
ભોગસે હોય ઉદાસી,
નિત્ય નિરંજન જ્યોતિ,
આત્મા ઘટમેં ભાસી;
સુત–દારાદિ બુલાય,
સર્વસે મોહ નિવારા,
ત્યાગ નગ્ર ધન ધામ,
વાસ વન બીચ વિચારા. ાા૧ાા

ભૂષણ વસન ઉતાર,
નગ્ન હો આતમ ચીહ્ના,
ગુરુ તટ દીક્ષા ધાર,
શીશ કચલુંચ જુ કિના;
ત્રસ–થાવરકા ઘાત ત્યાગ,
મન–વચ–તન–લીના,
ઝૂઠ વચન પરિહાર,
ગ્રહે નહીં જલ બિન દીના. ાા૨ાા

ચેતન–જડ ત્રિય ભોગત
જો ભવભવ દુઃખકારા;
અહિં–કંચુકી જ્યોં તજત,
ચિત્તસે પરિગ્રહ ડારા;

### ( અર્થ )

( ૧ ) સમ્યગ્દ્રષ્ટિને નિત્ય નિરંજન ચૈતન્યજ્યોતિ સ્વરૂપ આત્મા પોતાના અંતરમાં ભાસ્યો છે; તે દેહપર્યાયને અસ્થિર સમજીને સંસાર–ભોગોથી ઉદાસીન થાય છે; સ્ત્રી–પુત્રાદિને સંબોધન કરીને તે બધા પ્રત્યેનો મોહ છોડે છે અને નગર–ધન–ધામ વગેરે પરિગ્રહ છોડીને વન વચ્ચે વાસ કરવાનું વિચારે છે.

( ૨ ) પછી શ્રી ગુરુ પાસે જઈ સમસ્ત આભૂષણ અને વસ્ત્ર ઉતારી નગ્ન થઈ દીક્ષા ધારણ કરી કેશલોચ કરી, આત્મધ્યાનમાં મગ્ન થાય છે. સમસ્ત ત્રસ–સ્થાવર જીવોની હિંસાનો મન –વચન–કાયાથી ત્યાગ કરે છે, મિથ્યાવચનનો પણ ત્યાગ કરે છે, અને વગર દીધેલું પાણી પણ લેતા નથી.

( ૩ ) વળી ચેતન કે જડ ( ચિતરેલી ) સ્ત્રી–કે જેનો ઉપભોગ ભવોભવમાં દુઃખકારી છે તે સર્પની કાંચળી જેમ છોડયો, તેમજ ચિત્તમાં નિર્મમ થઈને પરિગ્રહ પણ છોડયો; મન–

ગુપ્તિ પાલને કાજ,
 કપટ મન–વચ–તન નાહીં,
પાંચો સમિતિ સમ્હાલ,
 પરીષહ સહિ હૈ આહીં. ।। ૩ ।।

છોડ સકલ જગ જાલ,
 આપકર આપ આપમેં,
અપને હિતકો આપ,
 કિયા હૈ શુદ્ધ જાપમે;
ઐસી નિશ્ચલ કાય,
 ધ્યાનમેં મુનિજન કેરી,
માનોં પત્થર રચી કિધોં,
 ચિત્રામ ઉકેરી. ।। ૪ ।।

ચાર ઘાતિયા ઘાતિ,
 જ્ઞાનમેં લોક નિહારા,
દે નિજમતિ ઉપદેશ,
 ભવ્યોંકો દુઃખસે ટારા;
બહુરિ અઘાતિયા તૌડ,
 સમયમેં શિવપદ પાયા,
અલખ અખંડિત જ્યોતિ,
 શુદ્ધ ચેતન ઠહરાયા. ।। ૫ ।।

કાલ અનંતાનંત
 જૈસે કે તૈસે રહે હૈં,
અવિનાશી અવિકાર અચલ,
 અનુપમ સુખ લહે હૈં;

વચન કાયાથી કપટ છોડીને ત્રણ ગુપ્તિનું પાલન કરવા લાગ્યા, તથા ઈર્યા–ભાષા–એષણા–આદાન–નિક્ષેપન તથા પ્રતિષ્ઠાપન એ પાંચ સમિતિના પાલનમાં સાવધાન થયા. અને બાવીસ પ્રકારના પરિષહ સહન કરવા લાગ્યા.

(૪) વળી કેવા છે તે મુનિ? સકળ જગજાળ છોડીને પોતાવડે પોતે પોતામાં એકાગ્ર થયા છે, પોતાના હિતને માટે પોતાના ધ્યાન વડે પોતાને શુદ્ધ કર્યો છે, અર્થાત્ શુદ્ધાત્માનું ધ્યાન કરીને નિજ સ્વરૂપમાં લીન થયા છે. અહા! તે ધ્યાનમાં લીન મુનિરાજનું શરીર પણ એવું નિશ્ચલ છે કે જાણે પત્થરથી મૂર્તિ કે ચિત્ર હોય! –એમ અડોલપણે આત્મધ્યાનમાં એકાગ્ર છે.

(૫) એ રીતે શુદ્ધાત્મધ્યાનવડે ચાર ઘાતી કર્મોનો ઘાત કરીને કેવળજ્ઞાનમાં લોકાલોકને દેખ્યા; અને કેવળજ્ઞાન–અનુસાર ઉપદેશ દઈને ભવ્યજીવોને દુઃખથી છોડાવ્યા. પછી ચાર અઘાતી કર્મોને પણ નષ્ટ કરીને એક સમયમાં સિદ્ધપદ પામ્યા; ને ઇન્દ્રિયજ્ઞાનથી જે જણાય નહિ એવા અલખ, અખંડ આત્મજ્યોતિ, શુદ્ધ ચેતનરૂપ થઈને સ્થિર થયા.

(૬) એ સિદ્ધદશા પામીને તે જીવ અનંતાનંત કાળ સુધી એવા ને એવા રહે છે; ને અવિનાશી અવિકાર અચલ અનુપમ સુખને અનુભવે છે. જે જીવો આવી આત્મભાવના

ઐસી ભાવના ભાય,
ઐસે જો કાર્ય કરે હૈ,
સો ઐસે હી હોય,
દુષ્ટ કર્મોકો હરે હૈં. ॥ ૬ ॥
જિનકે ઉર વિશ્વાસ
વચન જિનશાસન નાહીં,
તે ભોગાતુર હોય,
સહૈં દુઃખ નર્કો માંહી;
સુખ દુઃખ પૂર્વ વિપાક,
અરે મત કંપે જીયા,
કઠિન કઠિન સે મિત્ર!
જન્મ માનુષકા લિયા. ॥ ૭ ॥
તાહિ વૃથા મત ખોય,
જોય આપા પર ભાઈ,
ગયેં ન મિલતી ફેર,
સમુદ્ર મેં ડૂબી રાઈ;
ભલા નર્ક કા વાસ,
સહે જો સમ્યક્ પાતા,
બુરે બને જો દેવ,
નૃપતિ મિથ્યા મદમાતા. ॥ ૮ ॥
ના ખર્ચે ધન હોય,
નહીં કાહું સે લડના,
નહીં દીનતા હોય,
નહીં ઘરકે પરિહરના
સમ્યક્ સહજસ્વભાવ,
આપકા અનુભવ કરના,
યા બિન જપ–તપ વ્યર્થ,
કષ્ટ કે માંહી પડના. ॥ ૯ ॥

ભાવીને આવું (શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું) કાર્ય કરે છે તેઓ પણ આવા સિદ્ધપદને પામે છે ને દુષ્ટકર્મોને નષ્ટ કરે છે.

(૭–૮) જેના અંતરમાં જિનશાસનના વચનનો, એટલે કે ભગવાનના ઉપદેશનો વિશ્વાસ નથી, તે જીવ વિષયભોગોમાં મગ્ન થઈને નરકોમાં દુઃખ ભોગવે છે. સંસારમાં સુખ–દુઃખ તો પૂર્વકર્મના વિપાક અનુસાર થાય છે, –અરે જીવ! તેનાથી તું ડર મા! ઉદયમાં જે આવ્યું હોય તેને સહન કર; હે મિત્ર! ઘણી ઘણી કઠિનતાથી આ મનુષ્યજન્મ મળ્યો છે. માટે તેને તું વ્યર્થ મત ગુમાવ. હે ભાઇ! આ નર ભવમાં તું સ્વ–પરની ઓળખાણ કર; કેમકે જેમ સમુદ્રમાં ડુબેલો રાઈનો દાણો ફરી મળવો મુશ્કેલ છે તેમ આ મનુષ્યજન્મ વીતી ગયા પછી ફરી મળવો મુશ્કેલ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ સહિત તો નરકવાસ પણ ભલો છે; પરંતુ સમ્યક્ત્વહીન એવા મિથ્યાત્વથી મદમાતો જીવ દેવ કે રાજા થાય તો પણ તે બૂરું છે.

(૯) સમ્યક્ત્વ તે આત્માનો સહજસ્વભાવ છે; તે નથી તો ધન ખર્ચવાથી થતું; તેમાં નથી કોઈ સાથે લડવાનું, નથી કોઈ પાસે દીનતા કરવાનું, કે નથી ઘરબાર છોડવાનું; સહજસ્વભાવરૂપ આત્માનો અનુભવ કરવો–તે સમ્યક્ત્વ છે. તેના વગરનાં જપ–તપ તે વ્યર્થ છે, કષ્ટમાં પડવાનું છે.

કોટિ બાતકી બાત અરે,
બુધજન ઉર ધરના,
મન-વચન-તન શુચિ હોય,
ગ્રહો જિનવૃષકા શરણા;
ઠારહસૌ પંચાસ અધિક,
નવ સંવત જાનૌ,
તીજ શુક્લ વૈશાખ,
ઢાલ ષટ્ શુભ ઉપમાનૌ. ॥૧૦॥

(૧૦) ગ્રંથની પૂર્ણતા કરતાં **પં. બુધજન** છેલ્લા શ્લોકમાં કહે છે કે અરે બુધજનો! કરોડો વાતના સારરૂપ આ વાત તમે અંતરમાં ધારણ કરજો, મન-વચન-કાયાની પવિત્રતાપૂર્વક જિનધર્મનું શરણ ગ્રહણ કરો. શુભઉપમાવાળી આ છહઢાળાની રચના સં. ૧૮૫૯ ના વૈશાખ સુદ ત્રીજે સમાપ્ત થઈ.

(**પં. બુધજન** રચિત આ છહઢાળા અર્થસહિત પ્રથમ સં. ૧૯૫૫ માં છપાઈ હતી; તેના ઉપરથી આ સં. ૨૦૨૫ માં ફરીથી અર્થસહિત પ્રગટ થઈ છે. તે ભવ્ય જીવોને સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવીને આત્મસુખની પ્રાપ્તિ કરાવો. -બ્ર. હરિલાલ જૈન)

બે દ્રશ્ય



મહાબલ રાજા

મહાબલરાજાના જન્મદિવસે તેના સ્વયંબુદ્ધમંત્રી તેને જૈનધર્મનો ઉપદેશ આપતાં કહે છે કે હે રાજન્! આ રાજલક્ષ્મી વગેરે વૈભવ તો કેવળ પૂર્વપુણ્યનું ફળ છે; આત્માના હિતને માટે તમે જૈનધર્મનું સેવન કરો. દશમા ભવે તમે તીર્થંકર થવાના છો.



ભોગભૂમિમાં સમ્યક્ત્વ

ત્યારપછીના ત્રીજા ભવે તે મંત્રી પ્રીતિકરમુનિ થયા છે અને ભોગભૂમિમાં આવીને ઋષભદેવના આત્માને કહે છે કે હે રાજા! પૂર્વભવના સંસ્કારવશ અમે તમને સમ્યક્ત્વ આપવા અહીં આવ્યા છીએ..... આજે જ તમે સમ્યગ્દર્શનનું ગ્રહણ કરો. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટેનો આ અવસર છે. અને

છએ જીવો તત્ક્ષણે જ સમ્યક્ત્વ પામે છે.

## ગતાંકમાં પૂછેલ દશ જીવોની ઓળખાણ

૧. એક જીવના મોઢામાં અમૃત છે, છતાં તે દુઃખી છે-તે કોણ ? ( મિથ્યાદ્રષ્ટિ દેવ )
૨. એક જીવ કદી ખાતા નથી છતાં સદાય સુખે જીવે છે-તે કોણ ? ( સિદ્ધભગવાન )
૩. એક જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, પણ તે નથી સ્વર્ગમાં, નથી મનુષ્યમાં, નથી તિર્યંચમાં કે નથી નરકમાં, -તો તે ક્યાં હશે ? ........ ( મોક્ષમાં )
૪. જંગલમાં જેનો જન્મ, અંજના જેની માતા, તે મોક્ષગામી મહાત્મા શ્રી હનુમાન.
૫. મહાવીરપ્રભુના સૌથી મોટા શિષ્ય-જે બ્રાહ્મણ હતા ને મોક્ષ પામ્યા તે ( ગૌતમસ્વામી )
૬. જિનદીક્ષા લેનારા છેલ્લા મુગટબંધી રાજા, જેણે ભદ્રબાહુસ્વામી પાસે દીક્ષા લીધી, તે રાજા ચંદ્રગુપ્ત; શ્રવણબેલગોલામાં ચંદ્રગિરિની ગુફામાં તે રહેતા હતા.
૭. એક જીવ વીતરાગ છે, તેનું આયુષ્ય પૂરું થયું છતાં તે મોક્ષ ન પામ્યો, તે અગિયારમા ગુણસ્થાનવાળો જીવ; તે વીતરાગ છે, અને મરીને સર્વાર્થસિદ્ધિમાં જ જાય છે.
૮. એક મનુષ્ય એવા-કે જે કદી ખાય નહીં, પીએ નહીં, છતાં લાખો વર્ષ જીવે-તે અરિહંત દેવ.
૯. એક મનુષ્ય પાસે રાતી પાઈ પણ નથી છતાં જે ગરીબ નથી, તે દિગંબર મુનિરાજ.
૧૦. કુંદકુંદસ્વામી, જંબુસ્વામી, અકલંકસ્વામી, મરુદેવી, -આમાંથી તે ભવે મોક્ષ પામ્યું તે કોણ ? ( જંબુસ્વામી મોક્ષ પામ્યા; બીજા ત્રણ સ્વર્ગમાં ગયા. )

## આત્મા ખોરાક ખાય તો મરી જાય

ચેતનસ્વરૂપ આત્મા ખોરાક ખાધા વગર જ જીવે છે; જો ખાય તો મરી જાય; કેમકે જડ ખોરાકને આત્મા ખાય તો આત્મા જડ થઈ જાય, એટલે મરી જાય. જો જડ ખોરાકનો પોતામાં પ્રવેશ કરાવે તો ચેતનપણે આત્માનું અસ્તિત્વ જ ન રહે. જડ ખોરાક વગર જ તેનાથી ભિન્ન અસ્તિત્વપણે આત્મા જીવે છે.

જુઓ તો ખરા, દ્રષ્ટિનો ફેર !

**અજ્ઞાની કહે છે કે આત્મા ખોરાક વગર જીવી ન શકે.**

**જ્ઞાની કહે છે કે આત્મા ખોરાક ખાય તો મરી જાય.**

ભાઈ ! તું ચેતન, તારે તારું ચૈતન્યજીવન જીવવા માટે જડ ખોરાકની ઓશીયાળ ક્યાં છે ? શરીર પણ જ્યાં તારામાં નથી ત્યાં ખોરાક કેવો ? અમૂર્ત આત્મામાં મૂર્ત પદાર્થ પ્રવેશી શકે નહી. ( વીતરાગવિજ્ઞાન ભાગ બીજામાંથી )

## વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોતરી

**વીતરાગવિજ્ઞાન ભાગ ૧ એટલે કે છહઢાળાનાં પ્રથમ અધ્યાયનાં પ્રવચનો, તેમાંથી દોહન કરીને ૨૦૦ પ્રશ્ન-ઉત્તર આત્મધર્મ અંક ૩૦૪ તથા ૩૦૫ માં આપ્યા હતા. ટૂંકી ભાષામાં ને સુગમ શૈલીમાં આ પ્રશ્નોત્તર સૌને ગમ્યા છે. તે જ પ્રમાણે વીતરાગવિજ્ઞાનના બીજા ભાગમાંથી પણ ૨૪૦ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવે છે જેમાંથી ૧૦૦ પ્રશ્નોત્તર ગતાંકમાં આપ્યા હતા.**

**૩૦૧.** પહેલુ સુખ ક્યું?

પહેલું સુખ સમ્યગ્દર્શનનું.

૩૦૨. જીવનું સાચું જીવન કયું છે?

વીતરાગવિજ્ઞાનવડે સુખને અનુભવવું તે.

૩૦૩. જગતમાં ઉત્કૃષ્ટ વિભૂતિ કઈ?

આત્માના સર્વજ્ઞપદની વિભૂતિ જગતમાં ઉત્કૃષ્ટ છે.

૩૦૪. છ ખંડની વિભૂતિનો મોહ ક્ષણમાં કેમ છૂટે?

ચૈતન્યસ્વભાવની પ્રીતિ કરે તો.

૩૦૫. જીવનું નિજઘર ક્યું? ને પરઘર કયું?

ચૈતન્યમય આનંદધામ તે નિજઘર; રાગ અને શરીર તે પરઘર.

૩૦૬. કઈ બે વાત એકસાથે ન બની શકે?

આત્માને જ્ઞાનરૂપ ઓળખે અને વળી પરને પોતાનું માને–એ બે વિરુધ્ધ વાત એક સાથે બની શકે નહીં.

૩૦૭. આત્માની શોભા શેનાથી છે?

સમ્યક્ત્વરૂપી મુગટ અને ચારિત્રરૂપી હાર વડે આત્મા શોભે છે; શરીરને શણગારવાથી આત્મા શોભતો નથી.

૩૦૮. હોશિયારી શેમાં છે?

આત્માનો અનુભવ કરવો તેમાં.

૩૦૯. બેહોશી કઈ છે?

આત્માનું ભાન ભૂલીને પરનું અભિમાન કરે છે તે.

૩૧૦. જૈનપરંપરામાં જન્મ્યો તેનો ખરો લાભ ક્યારે?

જીવ–અજીવનું ભેદજ્ઞાન કરીને સાચો જૈન બને ત્યારે.

૩૧૧. ભગવાન કોને જૈન નથી કહેતા?

જીવ–અજીવની ભિન્નતાનું જેને ભાન નથી તેને.

૩૧૨. આત્મા જડનો કર્તા થાય તો શું થાય?

તો આત્મા જડ થઈ જાય.

૩૧૩. જડનો કર્તા કોણ હોય?
જે જડ હોય તે.

૩૧૪. અજ્ઞાન દશામાં શું હતું?
अपनेको आप भूलके हैरान हो गया।

૩૧૫. સાચું જ્ઞાન થતાં શું થયું?
अपने को आप जानके आनंदी हो गया।

૩૧૬. જીવ અને શરીર વચ્ચે શું છે?
અત્યંત અભાવ.

૩૧૭. આસ્રવને ઓળખવામાં અજ્ઞાની શું ભૂલ કરે છે?
રાગાદિક દુઃખ દેનારા હોવા છતાં તેને સુખરૂપ સમજીને સેવે છે.

૩૧૮. મરણનો ભય ક્યારે મટે?
અવિનાશી ચૈતન્યદ્રવ્યને જ પોતાનું સમજે ત્યારે.

૩૧૯. સૌથી પહેલાં શું શીખવું?
'હું જીવ છું' શરીર હું નથી. –એમ શીખવું.

૩૨૦. ખોરાક વગર આત્મા જીવે?
હા; જો ખાય તો મરી જાય; કેમકે જડ ખોરાકને આત્મા ખાય તો આત્મા જડ થઈ જાય, એટલે મરી જાય.

૩૨૧. તો આત્મા શેનાથી જીવે છે?
આત્મા પોતાના ચેતનભાવથી જ સદા જીવે છે.

૩૨૨. દેહ આવે ને જાય ત્યાં આત્મા શું કરે?
દેહ આવે ને જાય તેને આત્મા જાણે, પણ પોતે દેહરૂપ થાય નહિ.

૩૨૩. દેહથી જુદો આત્મા કેમ દેખાતો નથી?
દેહબુદ્ધિ ઘૂંટાઈ ગઈ છે તેથી.

૩૨૪. દેહથી જુદો આત્મા ક્યારે દેખાય?
બંનેના ભિન્ન ભિન્ન લક્ષણને ઓળખે ત્યારે.

૩૨૫. આત્મા અને શરીર–એ બંને કદી એક થાય?
ના; એકપણું પામે નહીં, ત્રણેકાળ દ્વયભાવ.

૩૨૬. અત્યારે આત્મા ને શરીર જુદા કે ભેગા?
જુદા; આત્મા ચેતન ને શરીર જડ.

૩૨૭. ધર્મીની ઋદ્ધિ કેવી છે?
ધર્મી જાણે છે કે આ બહારની ઋદ્ધિ અમારી નહિ, અનંત ગુણસમ્પન્ન ચૈતન્યઋદ્ધિ તે જ અમારી ઋદ્ધિ છે.

૩૨૮. આત્માને અવયવો હોય?
હા; આત્માને જ્ઞાન–દર્શન–સુખ વગેરે અનંત અવયવો છે.

૩૨૯. શુભ ને અશુભ બંને ભાવો કેવા છે?
બંને અનાત્મભાવ છે, બંનેમાં દુઃખ છે.

૩૩૦. પુણ્યફળમાં જે સુખ માને તેને શું થાય છે?
તે મોહની પુષ્ટિથી સંસારમાં રખડે છે ને દુઃખી થાય છે.

૩૩૧. શુભરાગથી સ્વર્ગ તો મળે છે–છતાં તેમાં દુઃખ?
હા; સ્વર્ગ મળવાથી કાંઈ આત્માને સુખ નથી મળી જતું. સ્વર્ગના પદાર્થો ભોગવવા તે પણ આકુળતા ને દુઃખ જ છે.

૩૩૨. તો સુખ શેમાં છે?
શુભ–અશુભ બંનેથી પાર ચૈતન્ય–ભાવનું વેદન તે જ સુખ છે.

૩૩૩. આત્માનું નિજરૂપ કેવું છે?
નિજરૂપ તો દેહ અને રાગ બંનેથી પાર, ચેતનરૂપ છે.

૩૩૪. રાગાદિ ભાવો કેવા છે?
તે જ્ઞાન વગરના છે; આત્માનું નિજરૂપ તે નથી.

૩૩૫. પાપ તો મોક્ષનું કારણ નથી, –પણ પુણ્ય?
પુણ્ય પણ મોક્ષનું કારણ નથી, બંધનું જ કારણ છે.

૩૩૬. રાગમાં મજા છે?
ના; રાગ તો આકુળતાની ભઠ્ઠી છે, તેમાં શાંતિ નથી.

૩૩૭. ચૈતન્યના આનંદની સાચી મીઠાશને અજ્ઞાની કેમ ભૂલી જાય છે?
કેમકે તેને પુણ્યમાં મીઠાશ લાગે છે તેથી.

૩૩૮. મુમુક્ષુ જીવે શેમાં લાગ્યા રહેવું?
વીતરાગવિજ્ઞાનમાં લાગ્યા રહેવું, પુણ્ય–પાપમાં નહીં.

૩૩૯. વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો રાગ કેવો છે?
તે પુણ્યબંધનનું કારણ છે, મોક્ષનું નહિ.

૩૪૦. રાગ રાખીને કેવળજ્ઞાન કે મોક્ષ પમાય?
ના; રાગને સર્વથા છોડીને જ કેવળજ્ઞાનાદિ પમાય.

૩૪૧. શું અત્યારથી જ રાગને છોડવા જેવો માનવો?
હા; અત્યારે છોડવા જેવો નહીં માને તો છોડશે ક્યાંથી?

૩૪૨. શુભરાગને મોક્ષનું કારણ માનવાથી શું થાય?
મોક્ષ તો ન થાય પણ મિથ્યાત્વ થાય.

૩૪૩. શું ધર્મીને શુભરાગ ન થાય?
થાય; પણ તેને તે મોક્ષનું કારણ ન માને.

૩૪૪. બંધન શું? મુક્તિ શું?
ઉપયોગનું રાગમાં જોડાણ તે બંધન; ઉપયોગનું શુદ્ધઆત્મામાં જોડાણ તે મુક્તિ.

૩૪૫. રાગદ્વેષ રહિત કઈ રીતે થવાય?
ઉપયોગને અંતરમાં શુદ્ધાત્મામાં એકાગ્ર કરવાથી.

૩૪૬. સંતો કેવો હિતોપદેશ આપે છે?
રાગનું સેવન છોડ ને તારા ચૈતન્યસ્વરૂપનું સેવન કર.

૩૪૭. અજ્ઞાની મોટી ભૂલ શું કરે છે?
આત્માને હિતનાં કારણ એવા જ્ઞાન–વૈરાગ્યને તે દુઃખદાયક માને છે.

૩૪૮. અજ્ઞાની બીજી ભૂલ શું કરે છે?
શુભરાગ દુઃખદાયક હોવાં છતાં તેને તે સારો માનીને સેવે છે.

૩૪૯. મોક્ષભાવ કયા? ને બંધભાવ કયા?
જ્ઞાન–વૈરાગ્ય તે મોક્ષભાવ; અજ્ઞાન ને શુભ–અશુભ તે બંધભાવ.

૩૫૦. ચારિત્રમાં કષ્ટ છે?
ના; ચારિત્રમાં મહાન આનંદ છે; તે જગત્પૂજ્ય છે.

૩૫૧. ચારિત્ર શેમાં છે?
ચારિત્ર રાગમાં કે દેહમાં નથી; ચેતનમાં રમણતા તે ચારિત્ર છે.

૩૫૨. આઠે કર્મો વિષવૃક્ષ છે તો અમૃતવૃક્ષ કયું?
આત્મા અમૃતનું ઝાડ છે, તેના અનુભવમાં આનંદ છે?

૩૫૩. જેને પુણ્યની રુચિ છે તેને શેની રુચિ છે?
તેને જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી.

૩૫૪. પુણ્યના ફળમાં તો ધર્મનાં નિમિત્ત મળે છે?
ભલે મળે; પણ તે નિમિત્તો આત્માથી જુદાં છે; તેની સામે જોવાથી કાંઈ આત્માને ધર્મનો લાભ નથી થતો.

૩૫૫. ધર્મીને શેનો ઉત્સાહ છે?
ધર્મીને ચૈતન્યના અનુભવનો ઉત્સાહ છે, રાગનો નહિ.

૩૫૬. પુણ્ય બંધાય તેમાં આત્માની શોભા છે?
જી ના; ચૈતન્યને બંધન એ તો શરમ છે.

૩૫૭. સુખ રાગમાં હોય કે વીતરાગતામાં?
વીતરાગતામાં જ સુખ છે, રાગમાં સુખ નથી.

૩૫૮. મોક્ષની શ્રદ્ધા ક્યારે થાય?
જ્ઞાનસ્વભાવને ઓળખે ત્યારે; કેમકે મોક્ષ તો જ્ઞાનમય છે.

૩૫૯. જીવો દુઃખને ચાહતા નથી છતાં દુઃખી કેમ છે?
કેમકે દુઃખનાં કારણરૂપ મિથ્યાભાવોને દિનરાત સેવે છે.

૩૬૦. જીવો સુખને ચાહે છે છતાં સુખી કેમ નથી થતાં?
કેમકે સુખનાં કારણરૂપ વીતરાગ–વિજ્ઞાનને ક્ષણ પણ સેવતા નથી.

૩૬૧. દુઃખથી છૂટવા ને સુખી થવા શું કરવું?
વીતરાગવિજ્ઞાનનું સેવન કર ને મિથ્યા–ભાવોને છોડ.

૩૬૨. શુભરાગની પ્રીતિથી શું મળે?
સંસાર.

૩૬૩. ચૈતન્યપદની પ્રીતિથી શું મળે? મોક્ષ.

૩૬૪. ધર્મી પોતાને સદાય કેવો જાણે છે?
‘હું શુદ્ધ જ્ઞાન–દર્શનમય છું’ એમ ધર્મી જાણે છે.

૩૬૫. ગૃહસ્થને આત્માની ઓળખાણ થાય?
હા.

૩૬૬. મુનિઓ કેવા છે?
ચૈતન્યમાં લીન મુનિઓ વીતરાગભાવથી મહાન સુખી છે.

૩૬૭. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે કેવા છે?
એ ત્રણેય રાગ વગરનાં છે, વીતરાગ છે.

૩૬૮. અનુભવનો અતીન્દ્રિય આનંદ કેવો છે?
રાગવડે જે કલ્પનામાં આવી ન શકે–એવો.

૩૬૯. નિરાકુળ સુખરૂપ મોક્ષનું કારણ કેવું હોય?
–તેનું કારણ પણ નિરાકુળ (રાગ વગરનું) જ હોય. રાગ તે આકુળતા છે, તેને મોક્ષનું કારણ માનતાં કારણકાર્યમાં વિપરીતતા થાય છે.

૩૭૦. શુભરાગરૂપ વ્યવહાર ક્રિયાઓ જીવે પૂર્વે કદી કરી હશે?
હા, અનંતવાર; પણ સમ્યગ્દર્શન વિના ધર્મ ન થયો.

૩૭૧. અનાદિથી જીવો કઈ રીતે મુક્ત થાય છે?
વીતરાગવિજ્ઞાનરૂપ ધર્મને સાધી–સાધીને.

૩૭૨. આનંદ થવા માટે ‘જ્ઞાની’ શું કહે છે?
‘હે જીવ! તું આત્મામાં ગમાડ!’–તેમાં આનંદ છે.

(વિશેષ આવતા અંકે)

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

❀ ફત્તેપુરથી લલિતાબેન પૂછે છે કે–

કેવળી અને શ્રુતકેવળીમાં શું તફાવત? 'કેવળ' એવા શુદ્ધ આત્માને જાણવાની અપેક્ષાએ બંને સરખા કહ્યા છે; પણ કેવળીભગવાનના જ્ઞાન કરતાં શ્રુતકેવળીનું જ્ઞાન અનંતમા ભાગનું છે. શ્રુતકેવળી એટલે શ્રુતમાં પૂરા; અને કેવળીજ્ઞાની તો સર્વજ્ઞ છે. શ્રુતકેવળી તે છદ્મસ્થ–મુનિરાજ છે, ને કેવળીભગવાન તો અરિહંત કે સિદ્ધ છે.

❀ અવિભાગપ્રતિચ્છેદ એટલે શું?

કોઈ પણ ગુણની શક્તિનું માપ કરવા માટેનો નાનામાં નાનો અંશ (જેના વિભાગ ન થઈ શકે એવો છેલ્લો ભાગ) તેને અવિભાગપ્રતિચ્છેદ કહેવાય. જેમકે કોઈ પણ જીવનું જ્ઞાન કેટલું? કે અનંતાનંત અવિભાગપ્રતિચ્છેદ થાય એટલું.

❀ અમદાવાદથી ભાઈશ્રી મણિલાલ ઉજમશી લખે છે કે આત્મધર્મના દરેક અંક વંચાય છે, ઘણુંઘણું અગમનિગમ મળે છે. પૂ. ગુરુદેવનો વર્તમાન જગત માટે પરમ ઉપકાર છે.

❀ પ્રશ્નઃ– બે હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા કુંદકુંદભગવાનનો ફોટો અત્યારે મળે છે તે કઈ રીતે?

❀ ઉત્તરઃ– એ કાંઈ એમનો મૂળ ફોટો નથી, પરંતુ એ તો ભાવભાસન અનુસાર તૈયાર કરાવેલું ચિત્ર છે. જેમ આપણે મહાવીર ભગવાન વગેરેનું કલ્પિત ચિત્ર અત્યારે કરીએ છીએ તેમ તેનું સમજવું.

❀ મરૂદેવી માતાનો જીવ અત્યારે ક્યાં હશે?

મોક્ષમાં, તીર્થંકર ભગવાનના માતાજી એકાવતારી હોય છે; સ્ત્રીનો અવતાર હોવાથી તે જ ભવે તેઓ મોક્ષ નથી પામતા; પણ ત્યાંથી સ્વર્ગે જઈ, બીજા ભવે મોક્ષ પામે છે. તે મુજબ મરૂદેવીનો આત્મા સ્વર્ગનો એક અવતાર કરીને પછી મનુષ્ય થઈ મુનિ થઈ મોક્ષ પામ્યો. તેમના મોક્ષગમન પછી કેટલાય વર્ષો બાદ (અસંખ્ય વર્ષો બાદ) ભરતક્ષેત્રમાં બીજા તીર્થંકર (અજિતનાથ) થયા.

❁ દિલ્હીનો એક પત્ર (હિંદીમાં): "જૈનબાલપોથી હમને પઢી ઔર પઢકર મનકો અત્યંત પ્રસન્નતા હુઈ કિ લેખકને કિસપ્રકાર ઈસ છોટીસી પોથીમેં બાલકોં કે લિએ ધર્મકી કયા કયા ખૂબિયાં ભર દી હૈં! મૈં ઈસસે અત્યન્ત પ્રભાવિત હુઆ હું ઔર મેરા વિચાર યહ બના હૈ કિ મૈં યહ પુસ્તક નિઃશુલ્ક યહાં શાહદરા જૈનસમાજ (–દિલ્હી) મેં વિતરીત કરના ચાહતા હૂં, તો આપ ૨૦૦ પ્રતિયાં વી. પી. સે અતિશીઘ્ર ભેજ દેવેં.

–ભવદીય માનિકલાલ જૈન

❁ પત્રવ્યવહાર કરનાર બંધુઓને ખાસ સૂચના કે પત્રમાં પોતાનું પૂરું સરનામું જરૂર લખો –જેથી પ્રત્યુત્તર માટે તે શોધવું ન પડે. માત્ર સભ્ય નંબર લખવાથી અમારે તે શોધવું પડે છે, ને જવાબ વિલંબથી અપાય છે, અગર અપાતો નથી.

❁ ચંદ્રકાન્ત ચીમનલાલ વખારીઆ, કાટોલ (નાગપુર) થી લખે છે કે–આત્મધર્મ ઓછામાં ઓછા પચીસ વર્ષથી આવે છે, વાંચીને ઘણો આનંદ થાય છે. બાલવિભાગનું લખાણ અમે આનંદથી વાંચીએ છીએ. રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા લીધી છે અને દરરોજ ભગવાનના દર્શન કર્યા વિના જમતો નથી; પાઠશાળામાં અભ્યાસ કરું છું.

❁ ગુજરાતી આત્મધર્મના પાઠક વર્ગમાં સેંકડો હિંદી–ભાઈઓ પણ છે; તેઓ કહે છે કે ગુજરાતી વાંચનમાં હમકો મઝા આતી છે. એક હિંદી ભાઈ લખે છે કે આત્મધર્મ કે પઢનેસે જ્ઞાનકી એકાગ્રતા હોતી હૈ. ઉસકા બાલવિભાગ ભી હજારોં વર્ષ ચાલતા રહે તાકિ બચ્ચોંકો મહા લાભકા કારન હો.

## શ્રી વીતરાગવિજ્ઞાન (ભાગ-૨) ભેટ પુસ્તક અંગે

ટપાલ દ્વારા જેઓએ ઉપરનું ભેટ પુસ્તક મંગાવેલ છે તે દરેકને મોકલવાની વ્યવસ્થા થાય છે. માટે આ અંગે પત્રવ્યવહાર નહિ કરવા વિનંતિ છે.

લિ.

**દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

(સોનગઢ) સૌરાષ્ટ્ર

# આત્માનો અનુભવ કરવાની નિશાની

( પ્રવચનસાર ગાથા ૧૭૨ ‘અલિંગગ્રહણ’ ઉપરનાં પ્રવચનોની થોડીક પ્રસાદી )

* આત્મા એટલે જ્ઞાનસ્વભાવ, જ્ઞાન તેને કહેવાય કે જેની સાથે અતીન્દ્રિય આનંદ હોય.

* જ્ઞાનને પરની, ઇન્દ્રિયોની, રાગની અપેક્ષા નથી, એકલા આત્માના સ્વભાવને અવલંબનારું જે જ્ઞાન તે જ ખરું જ્ઞાન છે, એટલે અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવ તે આત્મા છે. ઇન્દ્રિયોવડે જાણે એવો આત્મા નથી.

* પાંચ ઇન્દ્રિયોના અવલંબનપૂર્વક થતું જે જ્ઞાન તે ખરો આત્મા નહીં; તે ખરું જ્ઞાન નહીં.. અંદરના ચૈતન્યપાતાળમાંથી જે જ્ઞાન પ્રગટે તે ખરું જ્ઞાન, ને તે ખરો આત્મા છે. શબ્દશ્રુતના અવલંબને થતું જ્ઞાન તે ખરું ભાવશ્રુત નથી, ચૈતન્યસ્વભાવના જ અવલંબને ભાવશ્રુત થાય છે; ને તે અતીન્દ્રિયઆનંદથી સહિત છે.

* ઇન્દ્રિયજ્ઞાન વડે તો અનાદિકાળથી જાણે છે, –પણ એ તો અજ્ઞાન છે. ‘ઇન્દ્રિયજ્ઞાન વડે જાણું એટલો જ હું’ એવી મિથ્યાબુદ્ધિને લીધે આત્માનું પરમાર્થ સ્વરૂપ જણાતું નથી. ઇન્દ્રિયના અવલંબનમાં આકુળતા છે, તે આત્માના પરમાર્થસ્વરૂપમાં નથી.

* અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ અમૂર્ત આત્મા, તે મૂર્ત ઇન્દ્રિયો વડે જાણવાનું કામ કેમ કરે? ‘ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા’ –એમ ઓળખવા જાય તો ઇન્દ્રિયોથી ભિન્ન આત્માનું પરમાર્થસ્વરૂપ ઓળખાતું નથી, ઇન્દ્રિયોથી આત્મા અત્યન્ત જુદો છે એમ ભેદજ્ઞાન કરાવીને અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા ઓળખાવ્યો છે.

* સ્વભાવને અવલંબનારું અતીન્દ્રિયજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે, તે જ જ્ઞાનમાં સુખ છે. ઇન્દ્રિયજ્ઞાન તો વિષયોને અવલંબનારું ને આકુળતા ઉપજાવનારું છે, એટલે તે તો બંધનું કારણ છે. રાગ તો આત્મા નહીં, ને એકલું ઇન્દ્રિયજ્ઞાન તે પણ ખરેખર આત્મા નહીં. આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે.

* ઇન્દ્રિયો જડ–અચેતન છે, તેની સાથે તન્મયપણું માનનારું ઇન્દ્રિયજ્ઞાન તે અતીન્દ્રિય આત્માનો સ્વભાવ નથી. જાણવા માટે ઇન્દ્રિયો કાંઈ આત્માનું દ્વાર નથી એટલે કે તે ઇન્દ્રિયો વડે જાણતો નથી. આત્મા પોતે અતીન્દ્રિય છે, તો તે અતીન્દ્રિયજ્ઞાન વડે જ જાણનારો છે.

* આત્મા જડ ઇન્દ્રિયોરૂપ નથી એટલે તે જડ ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન તે પણ ખરેખર આત્મા નથી. ઇન્દ્રિયજ્ઞાન તે આત્માનું પરમાર્થસ્વરૂપ નથી.

* ઇન્દ્રિયોરૂપી નદી વડે જ્ઞાનસમુદ્રમાં ભરતી આવતી નથી, અતીન્દ્રિયજ્ઞાન વડે જ્ઞાનસમુદ્ર પોતે પોતામાં એકાગ્ર થતાં આનંદના તરંગ સહિત જ્ઞાનની ભરતી આવે છે.

* જ્ઞેયરૂપ એવો પરમાર્થસ્વરૂપ આત્મા ઇન્દ્રિયજ્ઞાન વડે અનુભવમાં આવી શકતો નથી. ઇન્દ્રિયોના અવલંબનવાળું જ્ઞાન આત્માને જાણી શકતું નથી. ચિદાનંદસ્વભાવમાં અંતર્મુખ થયેલા જ્ઞાનમાંથી ઇન્દ્રિયોનું આલંબન છૂટી જાય છે, અને એ રીતે અતીન્દ્રિય થયેલું જ્ઞાન જ આત્માને જાણી શકે છે. આવા જ્ઞાનથી આત્માને જાણતાં આનંદ થાય છે.

* દ્રવ્યશ્રુતના શબ્દોનું ગ્રહણ ઇન્દ્રિય વડે થાય પણ જ્ઞાનસ્વરૂપ આત્માનું ગ્રહણ ઇન્દ્રિય વડે ન થાય. અંતર્મુખ આનંદમય એવા ભાવશ્રુત વડે જ આત્માનું સ્વસંવેદન થાય છે.

* ઇન્દ્રિયજ્ઞાનથી જડ જણાય, આત્મા ઇન્દ્રિયજ્ઞાનથી ન જણાય. આત્મા અને શરીરની ભિન્નતા સમજાવતાં 'યોગસાર' માં કહ્યું છે કે આત્મા અતીન્દ્રિયજ્ઞાન વડે જ જણાય છે, ઇન્દ્રિયજ્ઞાન વડે તે જણાતો નથી, જ્યારે શરીર તો ઇન્દ્રિયજ્ઞાન વડે પણ જણાય છે, –માટે આત્મા અને શરીર જુદા છે.

* જ્ઞાનીની વાણી વડે તો આત્મા જણાય ને? –તો કહે છે કે ના; અતીન્દ્રિયજ્ઞાનવડે જ આત્મા જણાય. તેમાં જ્ઞાનીની વાણી નિમિત્ત ભલે હો, –પણ જ્યાં સુધી તે વાણીનું લક્ષ રહે ત્યાં સુધી આત્મા જણાય નહિ; વાણીથી પાર થઈને, ઇન્દ્રિયોનું અવલંબન છોડીને, અતીન્દ્રિયજ્ઞાન વડે સ્વસંવેદન કરે ત્યારે જ આત્મા જણાય છે.

* જુઓ, આ શુદ્ધ સ્વજ્ઞેયની વાત છે; આ સ્વજ્ઞેયમાં રાગાદિ અશુદ્ધતા ન આવે, ભાઈ! આવા તારા સ્વજ્ઞેયને તું એકવાર જો તો ખરો. સ્વજ્ઞેયને જોતાં જ તારું જ્ઞાન અતીન્દ્રિય થઈને સ્વજ્ઞેયના અચિંત્ય મહિમામાં એવું લીન થશે કે પછી જગતના કોઈ જ્ઞેય તને પોતાપણે નહિ ભાસે. સ્વજ્ઞેયને જાણતાં જ્ઞાન તેના મહિમામાં તન્મય થાય છે, નિજમહિમામાં લીન થાય છે. જો કે રાગ પણ સ્વજ્ઞેય છે, પરંતુ શુદ્ધ દ્રવ્ય–ગુણને સ્વજ્ઞેયપણે લક્ષમાં લેતાં તેના અચિંત્ય મહિમામાં પાસે રાગ તો ક્યાંય ગૌણ થઈ જાય છે, એટલે શુદ્ધ સ્વજ્ઞેયથી તે બહાર રહી જાય છે. આ રીતે

સ્વજ્ઞેયને જાણનારા જ્ઞાનમાં સહેજે સ્વભાવની મુખ્યતા ને રાગની ગૌણતા (એટલે નિશ્ચયની મુખ્યતા ને વ્યવહારની ગૌણતા) થઈ જાય છે, ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન ન થવાનો મહાન સિદ્ધાંત પણ આમાં આવી જાય છે.

* જુઓ, સ્વજ્ઞેયને જાણવાની એટલે કે સમ્યગ્દર્શન કરવાની આ વાત છે. ભાઈ, તારા જ્ઞાનને સ્વજ્ઞેય તરફ વાળ્યા વગર તને તારું સાચું જ્ઞાન ક્યાંથી થશે? સ્વસન્મુખ થયેલા અતીન્દ્રિયજ્ઞાન વડે જ તારી અચિંત્ય પ્રભુતા તને દેખાશે, ને પરમ આનંદ થશે.

* ઇન્દ્રિયોનું–રાગનું–વ્યવહારનું અવલંબન છોડીને, નિજસ્વભાવનું અવલંબન લઈને જ્યાં જ્ઞાનચેતના સ્વજ્ઞેયમાં મગ્ન થઈ ત્યાં અતીન્દ્રિય આનંદનો દરિયો ઉલ્લસ્યો. દરિયો ઊછળે તેને કોણ રોકી શકે? જ્ઞાન જો ઇન્દ્રિયોના અવલંબનમાં રોકાય તો આનંદનો દરિયો ઉલ્લસે નહીં.

* ખરો જિજ્ઞાસુ શિષ્ય આત્માને જાણવાની ધગશપૂર્વક પૂછે છે કે પ્રભો! આત્માની એવી અસાધારણ નિશાની બતાવો કે જેના વડે સર્વે પરદ્રવ્યોથી ભિન્ન આત્માનો અનુભવ થાય! એવા જિજ્ઞાસુને 'अलिंगग्रहण' ના અર્થોદ્વારા આચાર્યદેવે પરમાર્થ આત્મા ઓળખાવ્યો છે. અહો, સ્વાનુભવનાં અલૌકિક રહસ્યો ખોલીને સંતોએ મોટો ઉપકાર કર્યો છે.

* એકલા અનુમાનના બળે આત્મા જાણવામાં આવે નહિ. ઇન્દ્રિયગમ્ય ચિહ્નો વડે આત્માનું અનુમાન થાય નહિ. અનુમાન તે વ્યવહાર છે, સ્વસંવેદન પ્રત્યક્ષ તે નિશ્ચય છે. સ્વસંવેદન–પ્રત્યક્ષરૂપ નિશ્ચય વગર એકલા પરોક્ષ અનુમાનવડે આત્માનું સાચું સ્વરૂપ જણાય નહીં.

* અનુભવ વગરના એકલા શાસ્ત્રજ્ઞાનવડે આત્મા જણાય નહીં. એકલા શાસ્ત્ર તરફનું જ્ઞાન તે પણ ઇન્દ્રિયજ્ઞાન છે, તેનાથી અનુમાન કરીને પણ આત્માનું સ્વરૂપ ઓળખાય નહીં. અંતર્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવ કરે ત્યારે જ આત્માનું સાચું સ્વરૂપ અનુભવમાં આવે.

* આત્માનું જ્ઞાન એવું લંગડું નથી કે તેણે ઇન્દ્રિયોનો ટેકો લેવો પડે. ઇન્દ્રિયગમ્ય ચિહ્નો કે મનગમ્ય એવા સંકલ્પ વિકલ્પો, તેના વડે આત્માનું ખરું સ્વરૂપ નક્કી ન થઈ શકે; કેમકે ઇન્દ્રિયગમ્ય ચિહ્નો તે કાંઈ આત્માનાં ચિહ્ન નથી. આત્માનું ચિહ્ન તો અતીન્દ્રિય ઉપયોગ છે; અને તે તો પ્રત્યક્ષ સ્વસંવેદનનો વિષય છે. આત્મામાં એવી પ્રકાશશક્તિ છે કે સ્વસંવેદનના પ્રકાશવડે પોતે પોતાને પ્રત્યક્ષ અનુભવે છે.

* જેણે પોતામાં આત્માનું સ્વસંવેદન–પ્રત્યક્ષ કર્યું છે તે જ બીજા આત્માનું સ્વરૂપ જાણી શકે છે. સામા જીવને સ્વસંવેદનપ્રત્યક્ષ થયું હોય–તેને પણ ખરેખર ત્યારે જ ઓળખી શકાય કે જ્યારે પોતામાં આત્માનું સ્વસંવેદનપ્રત્યક્ષ થયું હોય. અથવા સામો અજ્ઞાનીજીવ હોય, તેને સ્વસંવેદન થયું ન હોય, એવા જીવનું પણ જે ખરું ચૈતન્યસ્વરૂપ છે તેને. ધર્મીજીવ પોતાના સ્વસંવેદનપૂર્વકના અનુમાનથી જાણી લ્યે છે. સ્વસંવેદન વગરના એકલા અનુમાનથી જણાઈ જાય એવો આત્મા નથી.

* જેને સ્વસંવેદન થયું ન હોય એવો અજ્ઞાનીજીવ આ આત્માનું ખરું સ્વરૂપ અનુમાનથી જાણી શકતો નથી. અને આ આત્મા એકલા અનુમાનથી પરને જાણનારો નથી–એ વાત પાંચમા બોલમાં કહેશે.

* નિશ્ચય સહિતનું વ્યવહારજ્ઞાન, એટલે કે પ્રત્યક્ષપૂર્વકનું અનુમાનજ્ઞાન યથાર્થ હોય છે. પ્રત્યક્ષ વગરનું એકલું અનુમાન તે સાચું અનુમાન નથી. એકલું અનુમાન તે આત્માનું સ્વરૂપ નથી. ને તેના વડે આત્મા જણાતો નથી.

* આત્મા એવો નથી કે એકલા અનુમાન વડે કોઈ તેને જાણી લ્યે–આમાં અદ્‌ભુત રહસ્યો છે. પોતાને આત્માનું સ્વસંવેદન થયા વગર કેવળીની, મુનિની કે ધર્મીની સાચી ઓળખાણ થઈ શકતી નથી.

* અહા, ચૈતન્યની અચિંત્ય કિંમત કેમ થાય તેની આ વાત છે. રાગથી જુદો પડીને જ્ઞાનસ્વરૂપી આત્માનો નિર્ણય કરે ત્યારે જ સ્વ–પર આત્માની સાચી ઓળખાણ થાય. અને એવી ઓળખાણ થાય તેને દેવ–ગુરુ ઉપર અપૂર્વ પ્રમોદ જાગે. ઓળખાણ વગર ખરો પ્રમોદ ક્યાંથી આવે ?

* બાર અંગનું ને જિનશાસનનું રહસ્ય આત્માના સ્વસંવેદનમાં સમાય છે. અંતર્મુખ થઈને ચિદાનંદ તત્ત્વને અનુભવનારા ધર્માત્મા જ ધર્મમાં આગળ વધ્યા છે. જેને ચૈતન્યનો અનુભવ નથી તેને બીજી ગમે તેટલી ધારણા હોય તોપણ તે સંસારના માર્ગે જ છે, ધર્મના માર્ગે નથી. ધર્મનો રાહ તો અંદર ચૈતન્યમાં છે.

* અનુભવી હોય તે જ અનુભવીને ઓળખે.

* ભાઈ, આત્માના અંતર્‌અનુભવને જાણ્યા વગર એકલા બહારના અનુમાનથી તું જ્ઞાનીનું માપ કાઢવા જઈશ તો ભ્રમણામાં પડીશ.

* આ આત્મા પણ એવો નથી કે એકલા અનુમાનથી, એકલા શાસ્ત્રજ્ઞાનથી બીજાને જાણી શકે. તે સ્વાનુભૂતિપૂર્વક સ્વ–પરને જાણનારો છે. આ આત્મા બીજા આત્માને, એટલે કે અરિહંતને–સિદ્ધને–મુનિને–સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને સ્વસંવેદન વગરના એકલા અનુમાનથી જાણી શકતો નથી; સ્વસંવેદનપૂર્વક જાણે છે.

* એકલું પરપ્રકાશકજ્ઞાન તે ખરું જ્ઞાન નથી, તેમાં સુખ નથી ને તે આત્માનું સ્વરૂપ નથી. આત્માને જાણનારું જે સ્વપ્રકાશકજ્ઞાન તે સુખસ્વરૂપ છે. કલશટીકામાં પહેલા જ શ્લોકમાં એ વાત કરી છે. આત્મા જ સારભૂત છે–કેમકે તેને જાણતાં જાણનારને આનંદ થાય છે. પરસન્મુખતાથી આનંદ નથી થતો, આત્મામાં સ્વસન્મુખતાથી આનંદ થાય છે, માટે આત્મા સર્વ પદાર્થોમાં સાર છે.

* આત્મા પ્રત્યક્ષજ્ઞાતા છે. આત્માનું સમ્યગ્દર્શન થવાના કાળે આત્મા સ્વસંવેદનથી પોતે પોતાને પ્રત્યક્ષ કરે છે. સ્વાનુભૂતિથી પ્રકાશે એટલે કે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ કરે એવો તેનો સ્વભાવ છે. જો આત્માને પ્રત્યક્ષ ન કરે તો તે જ્ઞાન સાચું નથી, તે સમ્યગ્દર્શન નથી. એકાંત પરોક્ષ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે સ્વાનુભૂતિપૂર્વક જ થાય છે, આત્માને સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કરતું સમ્યગ્દર્શન પ્રગટે છે. આવા સમ્યગ્દર્શનની અપૂર્વ રીત આચાર્યભગવાને સમજાવી છે.

જૈનસમાજના પાયા મજબૂત કરવા માટે–

બાળકોને નાનપણથી ધર્મના સંસ્કાર આપો.

ઠેર ઠેર પાઠશાળા ઉઘાડો.

‘પર્યાયનું લક્ષ કરીને’ એને બદલે ‘પર્યાયનું લક્ષ ગૌણ કરીને’ એમ વાંચવું;
–શેમાં ? ‘જ્ઞાનચક્ષુ’ પુસ્તકના પૃ. ૧૫૬માં, ચૌથી લાઈનમાં.

## “અમે જિનવરનાં સંતાન” ( નવા સભ્યોનાં નામ )

| સભ્ય નં. | નામ | ગામ | સભ્ય નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૨૩૭૦ | પીયુષકુમાર એન. જૈન | કલકત્તા | ૨૩૭૬ B | મહેન્દ્રકુમાર કે. જૈન | જસદણ |
| ૨૩૭૧ | રૂપાબેન આર. જૈન | કલકત્તા | ૨૩૭૭ | દિલીપકુમાર આર. જૈન | રાજકોટ |
| ૨૩૭૨ | હેમંતકુમાર એમ. જૈન | જમશેદપુર | ૨૩૭૮A | સતીશકુમાર એમ. જૈન | મુનાઈ |
| ૨૩૭૩ | બીનાબેન. વી. જૈન | મુંબઈ | ૨૩૭૮ B | દિલીપકુમાર કે. જૈન | મુનાઈ |
| ૨૩૭૪A | નયનાબેન સી. જૈન | મુંબઈ | ૨૩૭૯ | દિલીપકુમાર એ. જૈન | ગોંડલ |
| ૨૩૭૪B | મયુરીબેન સી. જૈન | મુંબઈ | ૨૩૮૦ | કિરણકુમાર ડી. જૈન | વેરાવળ |
| ૨૩૭૪C | ગીરીબાળા સી. જૈન | મુંબઈ | ૨૩૮૧ A | મુકુન્દલાલ એમ. જૈન | સોનગઢ |
| ૨૩૭૫A | રમેશચંદ્ર એસ જૈન | જોરાવરનગર | ૨૩૮૧ B | દિલીપકુમાર વી. જૈન | અમદાબાદ |
| ૨૩૭૫B | મનુભાઈ એસ. જૈન | જોરાવરનગર | ૨૩૮૨ A | હરેશકુમાર આર. જૈન | મહુવા |
| ૨૩૭૫C | રાજશ્રીબેન એસ. જૈન | જોરાવરનગર | ૨૩૮૨ B | મયુરીબેન આર. જૈન | મહુવા |
| ૨૩૭૫D | કોકીલાબેન એસ. જૈન | જોરાવરનગર | ૨૩૮૨ C | રક્ષાબેન આર. જૈન | મહુવા |
| ૨૩૭૬ A | અંજનાબેન કેશવલાલ જૈન | જસદણ | ૨૩૮૩ | કીરીટકુમાર સી. જૈન | કલકત્તા |

## આચાર્યદેવ બતાવે છે — મોક્ષને સાધવાની રીત

( ૧ ) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કે જે મોક્ષનું કારણ છે તે સમ્યગ્દર્શનાદિનું એકાકારપણું જ્ઞાનસ્વભાવ સાથે થાય છે, રાગ સાથે તેનું એકાકારપણું નથી. રાગ મોક્ષમાર્ગને રોકનાર છે.

( ૨ ) ‘સ્વતત્ત્વ’ તેને કહેવાય કે જે સ્વભાવ સાથે સદાય એકમેક હોય. પોતાનું સત્ત્વ ( સત્‌પણું–હોવાપણું ) કઈ રીતે છે તે જાણ્યા વગર મોક્ષમાર્ગ સાધી શકાય નહીં. સ્વતત્ત્વ શું છે–તેની જ જેને ખબર નથી તે કોની શ્રદ્ધા કરશે ? કોનું જ્ઞાન કરશે ? ને કોનામાં ઠરશે ? રાગને જે મોક્ષનું કારણ માને છે તે તો રાગને જ સ્વતત્ત્વ માનીને, તેની જ શ્રદ્ધા, તેનું જ જ્ઞાન ને તેમાં જ લીનતા કરે છે એટલે કે મિથ્યાત્વાદિરૂપ સંસારમાર્ગને જ સેવે છે.

( ૩ ) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે તો આત્માના જ આશ્રયે છે, રાગનો કિંચિત્ પણ આશ્રય તેમાં નથી. રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ રાગથી અત્યંત નિરપેક્ષ છે. જેમ પરદ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ નથી, તેમ રાગના આશ્રયે પણ મોક્ષમાર્ગ નથી.

( ૪ ) અહા, આવો સરલ માર્ગ ! અંતરમાં જરાક વિચાર કરે તો ખ્યાલ આવી જાય કે માર્ગ તો આવો જ હોય.

( ૫ ) જેણે મોક્ષ કરવો હોય-તેણે સમસ્ત કર્મબંધ છોડવા યોગ્ય છે, એટલે કર્મબંધના હેતુરૂપ શુભ કે અશુભ સમસ્ત ભાવો છોડવા યોગ્ય છે. પણ અશુભ છોડવાયોગ્ય ને શુભ રાખવાયોગ્ય-એવા ભેદને તેમાં અવકાશ નથી.

( ૬ ) જરાક પણ બંધભાવને રાખવા જેવો જે માને તે જીવને ખરેખર મોક્ષનો અર્થી કેમ કહેવાય ? મોક્ષનો અર્થી હોય તે બંધને કેમ ઈચ્છે ?

( ૭ ) ભાઈ, એકવાર તું તારા જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જો તો ખરો, કે તેમાં શું રાગની ઉત્પત્તિ થાય છે ? જ્ઞાનના આશ્રયે કદી રાગની ઉત્પત્તિ થતી નથી; અને રાગની સન્મુખતાથી કદી સમ્યગ્દર્શનાદિની ઉત્પત્તિ થતી નથી. –આ રીતે જ્ઞાનને અને રાગને ભિન્ન સ્વભાવપણું છે.

( ૮ ) જ્ઞાનને અને રાગને અત્યંત ભિન્નતા છે; થાંભલાને જાણનારું જ્ઞાન જેમ થાંભલાથી જુદું છે, તેમ રાગને જાણનારું જ્ઞાન રાગથી પણ જુદું જ છે. –આવા ભિન્ન જ્ઞાનસ્વભાવને ભેદજ્ઞાનવડે અજ્ઞાની જીવ જાણતો નથી. જો જાણે તો રાગ વગરનો આનંદ થાય.

( ૯ ) એક તરફ આખોય સર્વજ્ઞસ્વભાવ;
એક તરફ અશુભ ને શુભ બંધભાવો;

–આમ બે પડખાં છે. તેમાંથી સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને તેની રુચિ પ્રતીતિ કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ બંધભાવોની રુચિમાં રોકાતો નથી; પણ સર્વજ્ઞસ્વભાવને અનુભવતો થકો મોક્ષને સાધે છે.

( ૧૦ ) ભાઈ, તારો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે-એ વાત તને બેસે છે ?

જો સર્વજ્ઞસ્વભાવ બેઠો તો રાગની રુચિને જરાપણ અવકાશ રહેતો નથી; કેમકે સર્વજ્ઞસ્વભાવમાં રાગનો અંશ પણ નથી. અને રાગની રુચિવાળો જીવ રાગના તણખલાં આડે મોટા ચૈતન્યપહાડને દેખતો નથી.

( ૧૧ ) અહા, સર્વજ્ઞસ્વભાવની સન્મુખતાથી જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં પોતાના આત્માનું કેવળજ્ઞાન પ્રતીતમાં આવી ગયું. તેની રુચિની દિશા રાગથી પાછી ફરીને કેવળજ્ઞાન તરફ વળી, તે કંકુંવરણે પગલે કેવળજ્ઞાન લેવા ચાલ્યો.

( ૧૨ ) આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, જો તને મોક્ષનો ઉત્સાહ હોય, મોક્ષને સાધવાની લગની હોય તો તું સમસ્ત બંધભાવોની રુચિ છોડ, ને જ્ઞાનની રુચિ કર; કેમકે મોક્ષના માર્ગમાં સમસ્ત બંધભાવોને નિષેધવામાં આવ્યા છે, ને જ્ઞાનસ્વભાવનું જ અવલંબન કરાવવામાં આવ્યું છે.

# ક્ષમાપના

દસલક્ષણધર્મની આરાધનાનું વીતરાગીપર્વ હમણાં જ આપણે ઉજવ્યું; ક્રોધાદિ કલુષતા દૂર કરીને ઉત્તમ ક્ષમાના અમૃત વડે અંતરને પાવન કરવાનો આપણે પ્રયત્ન કર્યો. એ ઉત્તમક્ષમાના મૂળરૂપ આત્મઅનુભવ, તેનો ઉપદેશ શ્રી દેવ–ગુરુના પ્રતાપે આપણને અહર્નિશ મળી રહ્યો છે; અનેક સાધર્મીઓ આનંદથી–બહુમાનથી તે ઝીલી રહ્યા છીએ; અને 'આત્મધર્મ' દ્વારા તે વીતરાગી અમૃતની ધારા હજારો મુમુક્ષુઓને પહોંચાડવા પ્રયત્ન કરીએ છીએ.

આવા આત્મધર્મની સેવા એટલે જિનવાણી માતાની સેવા; તેમાં જિનવાણી અનુસાર ઊંચામાં ઊંચા લેખોની પસંદગી કરીને મુમુક્ષુઓને પીરસવામાં આવે છે. દેવ–ગુરુ–પ્રત્યેની ભક્તિથી અને સાધર્મીઓ પ્રત્યેના વાત્સલ્યથી ઊભરતા હૃદયે તેનું દરેક પાનું લખવામાં આવે છે. આમ છતાં અજ્ઞાનવશ મારાથી તેમાં ક્યાંય ભૂલ રહી ગઈ હોય, કે કોઈપણ પ્રકારે કોઈનું હૃદય મારાથી દુભાયું હોય, તો તે બદલ અંતઃકરણપૂર્વક હું ક્ષમા ચાહું છું. અને પ્રાર્થના કરું છું કે વીતરાગી સંતોના ચરણમાં મને ઉત્તમ ક્ષમાની આરાધના પ્રાપ્ત થાઓ. –હરિ.

# શ્રી સમયસાર અને નિયમસાર માટે સૂચના

કેટલાક વખતથી અપ્રાપ્ય એવા સમયસાર અને નિયમસારની ગુજરાતી આવૃત્તિ ફરી છપાવવાની વિચારણા ચાલે છે. જિજ્ઞાસુઓની માંગણી પૂરતા પ્રમાણમાં થશે તો આ પુસ્તકો છપાવવામાં આવશે. તો જે જિજ્ઞાસુઓને કે મુમુક્ષુમંડળોને જેટલી પ્રતની જરૂર હોય તેટલી પ્રત અત્યારથી નોંધાવી દેવા વિનંતિ છે, જેથી તેમની જરૂરીયાત મુજબ પ્રતો તેમને મળી શકે. માટે આપને જેટલા પુસ્તકની જરૂર હોય તેટલા વેલાસર નામ–સરનામા સહિત નીચેના સરનામે જણાવશો.

(પુસ્તકની કિંમત લાગત કરતાં ઓછી રાખવામાં આવશે, પરંતુ હમણાં કોઈ રકમ એડવાન્સ મોકલવાની જરૂર નથી.)

પ્રકાશન વિભાગ
**શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિરટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦